ૐ

''સર્વોત્કૃષ્ટ શુદ્ધિ ત્યાં સર્વોત્કૃષ્ટ સિદ્ધિ'' ... શ્રીમદ્ રાજચંદ્ર



# ગોરક્ષા પાત્ર

ગોરક્ષા + સત્યાગ્રહ + ભ્રષ્ટાચાર નિર્મુલન આંદોલન = સંપૂર્ણ અહિંસક ક્રાંતિનું માસિક મુખપત્ર

અંક -૨૬ ૧ માર્ચ-૨૦૧૭ પાના-૧૨ લવાજમ વાર્ષિક-રૂ.૧૦૦/-

## રાજવાણી

શારીરિક વેદનાને દેહનો ધર્મ જાણી અને બાંધેલાં એવાં કર્મોનું ફળ જાણી સમ્યક્પ્રકારે અહિયાસવા (સહન કરવા) યોગ્ય છે. ઘણી વાર શારીરિક વેદનાનું બળ વિશેષ વર્તતું હોય છે, ત્યારે ઉપર જે કહ્યો છે તે સમ્યક્પ્રકારનો નિશ્ચય આવે છે. મોટા પુરુષોએ અહિયાસેલા એવા ઉપસર્ગ, તથા પરિષહના પ્રસંગોની જીવમાં સ્મૃતિ કરી, તે વિષે તેમનો રહેલો અખંડ નિશ્ચય તે ફરી ફરી હૃદયમાં સ્થિર કરવા યોગ્ય જાણવાથી જીવને તે સમ્યક્પરિણામ ફળીભૂત થાય છે, અને વેદના, વેદનાના ક્ષયકાળે નિવૃત્ત થયે ફરી તે વેદના કોઈ કર્મનું કારણ થતી નથી. વ્યાધિરહિત શરીર હોય તેવા સમયમાં જીવે જો તેનાથી પોતાનું જુદાપણું જાણી, તેનું અનિત્યાદિ સ્વરૂપ જાણી, તે પ્રત્યેથી મોહ-મમત્વાદિ ત્યાગ્યાં હોય, તો તે મોટું શ્રેય છે; તથાપિ તેમ ન બન્યું હોય તો કંઈ પણ વ્યાધિ ઉત્પન્ન થયે તેવી ભાવના ભાવતાં જીવને નિશ્ચળ એવું ઘણું કરી કર્મબંધન થતું નથી; અને મહાવ્યાધિના ઉત્પત્તિકાળે તો દેહનું મમત્વ જીવે જરૂર ત્યાગી જ્ઞાનીપુરુષના માર્ગની વિચારણાએ વર્તવું, એ રૂડો ઉપાય છે.

જ્યાં સુધી દેહાદિકથી કરી જીવને આત્મકલ્યાણનું સાધન કરવું રહ્યું છે, ત્યાં સુધી તે દેહને વિષે અપારિણામિક એવી મમતા ભજવી યોગ્ય છે; એટલે કે આ દેહના કોઈ ઉપચાર કરવા પડે તો તે ઉપચાર દેહના મમત્વાર્થે કરવાની ઈચ્છાએ નહીં, પણ તે દેહે કરી જ્ઞાનીપુરુષના માર્ગનું આરાધન થઈ શકે છે, એવો કોઈ પ્રકારે તેમાં રહેલો લાભ, તે લાભને અર્થે, અને તેવી જ બુદ્ધિએ તે દેહની વ્યાધિના ઉપચારે પ્રવર્તવામાં બાધ નથી. જે કંઈ તે મમતા છે તે અપારિણામિક મમતા છે, એટલે પરિણામે સમતા સ્વરૂપ છે; પણ તે દેહની પ્રિયતાર્થે, સાંસારિક સાધનમાં પ્રધાન ભોગનો એ હેતુ છે, તે ત્યાગવો પડે છે, એવા આર્ત્તધ્યાને કોઈ પ્રકારે પણ તે દેહમાં બુદ્ધિ ન કરવી એવી જ્ઞાનીપુરુષોના માર્ગની શિક્ષા જાણી આત્મકલ્યાણનો તેવા પ્રસંગે લક્ષ રાખવો યોગ્ય છે.

સર્વ પ્રકારે જ્ઞાનીના શરણમાં બુદ્ધિ રાખી નિર્ભયપણાને, નિ:ખેદપણાને ભજવાની શિક્ષા શ્રી તીર્થંકર જેવાએ કહી છે, અને અમે પણ એ જ કહીએ છીએ. કોઈ પણ કારણે આ સંસારમાં કલેશિત થવા યોગ્ય નથી. અવિચાર અને અજ્ઞાન એ સર્વ ક્લેશનું, મોહનું, અને માઠી ગતિનું કારણ છે. સદ્વિચાર, અને આત્મજ્ઞાન તે આત્મગતિનું કારણ છે. તેનો પ્રથમ સાક્ષાત્ ઉપાય જ્ઞાનીપુરુષની આજ્ઞાને વિચારવી એ જ જણાય છે. **શ્રીમદ્ રાજચંદ્રજી, પત્રાંક-૪૬૦**

## વિવેકાનંદ વચનામૃત

આપણે સ્વાર્થનો ત્યાગ કરવાનો પુરુષાર્થ કરવાનો છે. મારો તો અનુભવ છે કે જ્યારે જ્યારે મારા જીવનમાં મેં ભૂલ કરી છે ત્યારે ત્યારે એનું કારણ એ જણાયું છે કે મારી ગણતરીમાં ''સ્વાર્થ'' નો પ્રવેશ થયો હતો. જ્યાં જ્યાં મે સ્વાર્થને અળગો રાખ્યો છે ત્યાં ત્યાં મારું નિદાન હંમેશા સાચું જ પડ્યું છે.

જે મનુષ્ય મહાપુરુષ થવા સર્જાયો છે તેને ભાગે યાતના આવે છે જ એના માટે જીવન એટલે ઈંદ્રિયોના આનંદને ભસ્મ કરવાની સાધના; એનું સમગ્ર જીવન યાતનામાંથી નિષ્પન્ન થતા સંગીત જેવું બની રહે છે.

ભારતહિતની યોજનાઓ સમજાવતા એ કહેતા કે ભારતને કંઈ ફરીથી જૂના યુગમાં ઘસડી જવાનું નથી, પરંતુ અર્વાચીન યુગનાં પરિબળોની સાથે ભારતનાં મૌલિક પરિબળોનો સમન્વય કરવાનો છે એ સમન્વય અંદરથી ઉગવો જોઈએ.

આપણે જગદંબાની વાણી શી રીતે સાંભળી શકીએ? સ્વામીજીએ ખૂબ ઉર્મિપૂર્વક ઉત્તર આપ્યો: ''હા ભાઈ! આપણે એક બીજાની વાણી સાંભળીએ છીએ તેટલી જ સ્પષ્ટતાથી જગદંબાની વાણી સાંભળી શકાય છે. ફેર એટલો જ છે કે એમના શબ્દો સાંભળવા માટે સૂક્ષ્મ જ્ઞાનતંતુઓ જોઈએ.

પાપના પસ્તાવાની વાત બસ કરો! પાપ જેવી વસ્તુ હોય તો તેના ભારને ખંખેરી નાખો, અને તમારું સાચું સ્વરૂપ સમજી લો. તમે તો શુધ્ધ છો, સદાય મુક્ત છો! તમને પાપીઓ કહેનારા મનુષ્યો પોતે જ ધર્મદ્રોહી છે!

મને સંન્યસ્ત પ્રથા સામે એક ખાસ વાંધો છે અને એ વાંધો એ છે કે તે પ્રથા સમાજમાંથી સારા માણસોને વીણી લે છે.

પ્રવૃત્તિ હંમેશા કઠિન છે. મારે માટે પ્રાર્થના કરો કે હવે એ પ્રવૃત્તિ હંમેશાને માટે અટકી જાય અને મારો આત્મા જગદંબામાં લીન થઈ જાય. જગદંબાનું કાર્ય જગદંબા જાણે.

વેદો કહે છે કે, 'સન્યાસીનું સ્થાન વેદના મસ્તક ઉપર છે.' કારણ કે સન્યાસી દેવળો કે પંથો, ધર્મો, પયગંબરો કે શાસ્રો એ બધાથી પર છે! એ પૃથ્વી પર મૂર્તિમંત ઈશ્વર છે! અરે ઓ બહાદુર સન્યાસી! આ ખ્યાલમાં રાખ અને ત્યાગનો -અર્થાત શાંતિ, મુક્તિ અને આનંદનો ધ્વજ લઈને નીકળી પડ.''

**- ''સ્વામી વિવેકાનંદ જીવનચરિત્ર'' માંથી સાભાર.**

## ગાંધી વાણી

સાચું શિક્ષણ બાળકોને માત્ર અક્ષરજ્ઞાન આપવામાં રહેલું નથી. પણ તેનું ચારિત્ર ખીલવવામાં રહેલું છે અને છોકરા-છોકરીઓ નાની ઉંમરના હોય અને તેમના ઉપર ધારેલી છાપ પાડી શકાય તેટલા અંશે તેમનું ચારિત્ર ખીલવી શકાય છે. એટલે જો શિક્ષકો એમને સમજાવી દે કે જીવનમાં ચારિત્ર એ જ સૌથી પહેલી અને છેલ્લી વાત છે અને અક્ષરજ્ઞાન એ ચારિત્ર ખીલવવા માટેનું સાધન માત્ર જ છે તો હું સમજીશ કે એ શાળાઓમાં એ ઓ હાજરી આપે છે તે યોગ્ય છે અને એમના માબાપ માટે એમને એમ કરવા દેવાનું વ્યાજબી છે. પણ જો એમના માબાપ એમને માત્ર અક્ષરજ્ઞાન શીખવવા મોકલતા હોય અને છોકરાઓ પણ ભવિષ્યમાં થોડા પાઉંડ કમાઈ શકે એટલા ખાતર ત્યાં જતા હોય તો મને ભય છે કે તેમની કેળવણી તે કેળવણી નથી.

મારો મોક્ષ હિંદ વિના બીજી જગ્યાએ નથી. માણસે મોક્ષ મેળવવો હોય તો તેણે હિંદની પવિત્ર ભૂમિમાં જવું જ જોઈએ. મારે માટે તેમજ દરેકને માટે હિંદની ભૂમિ 'દૂખિયાનો વિસામો' છે. તેથી સ્વદેશ જવાને હું ઉત્સુક છું.

જ્યારે જ્યારે મને માન મળ્યું છે ત્યારે ત્યારે મારામાં કંઈક નબળાઈ વધુ પડતી હોય છે અને જ્યારે મને માર પડ્યો છે ત્યારે મને વધારે બળ આવેલું છે અને હું આગળ વધી વિશેષ દ્રઢ થયો છું. માટે અત્યારે જે ભાઈઓ મારી વિરુધ્ધ બોલે છે તે પરિણામે મારા હિતેચ્છુઓ છે.

સત્યાગ્રહી જ્યારે સત્યાગ્રહ શરૂ કરે છે ત્યારે કંઈ અગાઉથી વિચાર કરી લેતો નથી તેના આત્માના ઉદ્‌ગારો વિરુધ્ધ કાર્ય થયું એમ તેને જણાય તેની સામે તે આત્મબળ વાપરે. મેં સત્યાગ્રહ શરૂ કર્યો ત્યારે પણ તેને ધર્મનું અંગ જ સમજ્યો હતો. અનુભવે જણાયું કે એ જ ધર્મ છે ને એ જ ચિંતામણી છે ને તે મારામાં ધર્મરૂપે વિશેષ ખીલ્યું છે. સત્ય સિવાય બીજું કદી કરવું નથી એટલું જેણે ચોક્કસ કર્યું તે સત્યાગ્રહી છે ને તેવા માણસને દરેક વખતે ઉપાય સુઝી આવે છે. જીવન માત્ર સત્યમય હોવું જોઈએ તે હળવે હળવે યમ નિયમાદિ પાળવાથી આવે છે.

જેમ સ્થૂળ વિષયો શીખવામાં વર્ષો સુધી પ્રયત્ન કરવો પડે છે તેમ સત્યાગ્રહનું સ્વરૂપ સમજવાને સારું પણ પ્રયત્ન કરવો જોઈએ. જેમ જેમ તમારાને મારા આત્માના આવરણો દૂર થતા જશે તેમ તેમ આત્મા પ્રકાશશે ને તેમ તેમ તે બળવાન સત્યાગ્રહી તરીકે ઝૂંઝશે.

સત્યમાર્ગે ચાલનારને હંમેશા સત્યમાર્ગ અણીને વખતે સૂઝી આવે છે. વૈરાગ્યના પદો ગીતા વગેરે આપણે વાંચીએ તે જો આપણને ધર્મ સંકટો સામે ઉપયોગી ન થાય તો આપણે તે માત્ર પોપટની માફક જ વાંચી ગયા જ ગણાઈએ.

સ્નેહીઓ તરફ વીતરાગ ઉત્પન્ન થાય ત્યારે જ હૃદય ખરું દયાવાન થાય છે ને સ્નેહીઓની સેવા કરે છે બુધ્ધે તેમના માબાપને તજી તેઓનો પણ ઉધ્ધાર કર્યો. ગોપીચંદે વૈરાગ્ય લઈ પોતાની માતા ઉપર ઘણો શુધ્ધ પ્રેમ બતાવ્યો. તેમજ તમે તમારું ચારિત્ર ઘડો. અત્યંત નીતિ દ્રઢાવી, તમારા માતાપિતાની સેવા કરશો. જ્યારે તમારો આત્મા વિશુધ્ધિને પામશે ત્યારે તેનો પડઘો તમારા બધાં સ્નેહીઓ પર પડ્યા વિના નહીં જ રહે.

- 'ગાંધીજીનો અક્ષર દેહ' ભાગ-૧ માંથી સાભાર.

## સેવક કી પ્રાર્થના

**હે નમ્રતા કે સમ્રાટ્ !**
**દીન ભંગી કી હીન કુટિયા કે નિવાસી !**
**ગંગા, યમુના ઔર બ્રહ્મપુત્રા કે જલોં સે સિંચિત**
**ઇસ સુંદર દેશ મેં**
**તુઝે સબ જગહ ખોજને મેં હમે મદદ દે.**
**હમેં ગ્રહણશીલતા ઔર ખુલા દિલ દે.**
**તેરી અપની નમ્રતા દે ;**
**હિન્દુસ્તાન કી જનતા સે**
**એકરૂપ હોને કી શક્તિ ઔર ઉત્કંઠા દે.**
**હે ભગવન્ !**
**તૂ તભી મદદ કે લિએ આતા હૈ,**
**જબ મનુષ્ય શૂન્ય બનકર, તેરી શરણ લેતા હૈ.**
**હમેં વરદાન દે,**
**કિ સેવક ઔર મિત્ર કે નાતે**
**જિસ જનતા કી હમ સેવા કરના ચાહતે હૈં,**
**ઉસસે કભી અલગ ન પડ જાયેં.**
**હમેં ત્યાગ, ભક્તિ ઔર નમ્રતા કી મૂર્તિ બના,**
**તાકિ, ઈસ દેશ કો હમ જ્યાદા સમઝેં**
**ઔર જ્યાદા ચાહેં.**

**(મહાત્મા ગાંધીએ જીવનમાં એક જ કાવ્ય લખ્યું હતું, તે આ. તેમણે તો તેને ફકરારૂપે જ લખેલું. ૧૯૬૭માં વસંત દેસાઈએ તેને સ્વરબદ્ધ કર્યું અને મન્ના ડે પાસે ગવડાવ્યું. આ અદ્‌ભુત રેકોર્ડ ઈન્ડિયન રેકોર્ડ કલેક્ટર્સ એસોસિએશન પાસે ઉપલબ્ધ છે.)**

**- પ્રબુદ્ધ જીવનમાંથી સાભાર.**

## આ અંકમાં


| | |
|---|---|
| રાજવાણી - વિવેકાનંદ વચનામૃત | ૧ |
| ગાંધીવાણી - સેવકની પ્રાર્થના | ૨ |
| પ્રેમનો પીયાલો તમને પાઉ ને પીઉ-ભા.૧૦મો. તંત્રી | ૩-૪ |
| લોકભારતી સણોસરા પહેલ કરે છે. | ૫ |
| સજીવ આહાર તરફ માંડીએ કદમ - હીરજીભાઈ | ૬ |
| સ્વાવલંબન માટે ઘઉ બેંક ચલાવે છે. | ૭ |
| સામેની નૌકાને ખાલી સમજવાની | ૭ |
| મિજલસ | ૭ |
| મોરારજી દેસાઈ - એક યાદગાર મુલાકાત- પુસ્તકોની મૈત્રી | ૮ |
| માનવ જ્યોતનો સેવા પ્રકાશ | ૯ |
| હોકો પીએ એટલી વારમાં | ૯ |
| ભગવાનને બાળકોના પત્રો | ૧૦ |
| ગાયને જાણો | ૧૦ |
| પત્ર પ્રસાદી - લવાજમ- ઝાઝું મહેનતાણું - મકરંદ દવે | ૧૧ |
| સબસે ઊંચી પ્રેમ સગાઈ - ગીતા માણેક | ૧૨ |


**સત્પુરુષોનું યોગબળ જગતનું કલ્યાણ કરો...**
**શ્રીમદ્ રાજચંદ્ર**

## ''પ્રેમનો પીયાલો તમને પાઉને પીઉ'' ભા.૧૦મો

ચિંચણ સમાધિ કિનારે ૧ વરસના મૌન દરમિયાનની ડાયરી પાના નં.૭૦/૭૧/૭૨ માંથી તા.૨૩.૮.૯૬, ૦૦.૪૫ મીનીટ.

ગઈ કાલે સાંજે સમાધિમાં નિંદામણ સફાઈ કાર્ય કરતાં ચિંતનમાં એમ આવ્યું કે સમાધિસ્થળ અંદરની તરફ નકરું નિંદામણ જ ઉગેલ હતું. આ નિંદામણ ન તો પક્ષી ને ઉપયોગી હતું કે ન તો પશુઓને કે ન માનવોને. નિંદામણ વધારે હોય ત્યારે એમાં કોઈ બીજ રોપો તો નિંદામણના દબાણમાં એ બીજનો પુરેપુરો વિકાસ ન થાય, કાં બીજ નાશ પામે, કાં અલ્પ વિકસિત થઈને ફળ આપ્યા વગર બીજ નાશ પામે, એટલું જ નહી નિંદામણ કાઢ્યા પછી વાવણી કરીએ તો પણ વાવણી પછી ઉગેલું નિંદામણ કાઢતા રહેવું પડે છે. બીજ પુરેપુરુ ઉગી નીકળે તેમજ તેનો પુરેપુરો વિકાસ થાય અને ફળ આપે એટલા માટે નિંદામણ જે પણ થાય તે અવાર નવાર કાઢતા રહેવાની કાળજી રાખવી પડે છે. એક રીતે નિંદામણ થાય છે, અને તેને ખાતરમાં ફેરવી નાંખો તો નિંદામણ વરદાન છે.

અહિ સમાધિમાં સફાઈ કે નિંદામણ કાર્ય લગભગ પુરૂ થવા આવ્યું છે ત્યાર પછી તેમાં મેથી, બાજરી, મકાઈ, મુળાની વાવણી કરી છે અને નિંદામણ જે નીકળેલ છે તેને સમાધિની દિવાલોની લગોલગ પાથરી તેની ઉપર છાણનું પાણી બનાવીને છાંટીને તેની ઉપર માટી નાખી દેવામાં આવશે જેથી કેટલાક સમય પછી આ નિંદામણનું ખાતર બની જશે આમ નિંદામણ વરદાન બની જશે.

અનિષ્ટ તત્વો ભ્રષ્ટાચાર, ગુંડાગીરી, કાળાબજાર, બેકારી આ બધા જે છે એ નિંદામણ સમાન છે. સમાજમાં ચારે તરફ નિંદામણ જ નિંદામણ ઉગી નીકળ્યું હોય એવી હાલત થઈ ગઈ છે. આ નિંદામણ કાઢ્યા વગર સમાજમાં સારા કાર્યો થાય છે તે નિંદામણના દબાણમાં ઉગી નીકળતા નથી અને અલ્પ વિકસિત થઈ બીજો નાશ પામે છે. હજી પણ સારા માણસો છે, સારા કાર્યો છે પણ નિંદામણને વરદાનમાં પરિવર્તન કરે એ અસર એ હજી નિપજાવી શકયા નથી.

બીજની પણ એક વિશેષતા છે, એ શુધ્ધ બીજ હોય, સંશોધિત થયેલ હોય, પુરવાર થયેલું હોય એ જરૂરી છે. નબળા બીજનો નબળો પાક ઉતરે તેમ જે કાર્યોની પાછળ સ્પષ્ટ દિશા અને લક્ષ નથી હોતા તેમાંથી બહુ અલ્પ ફાયદો થાય છે. શુધ્ધ બીજને પણ યોગ્ય હવા, પાણી અને માવજત આપવામાં આવે તો જ ઉગે નહિતર એ શુધ્ધબીજ પણ ઉપયોગી ન નિવડે. ક્યારેક એ બીજ નાશ પણ પામી જાય.

અહિં સમાધિસ્થળ એ શુધ્ધ બીજ સમાન છે. સંતબાલજીએ એક બીજ વાવ્યું છે, એ શુધ્ધ છે, જીવંત છે, પુરવાર થયેલું બીજ છે પણ એને યોગ્ય માવજત નથી મળી એટલે અહિંનો વિકાસ નથી થયો. આ બીજમાં વિકાસની, પરિવર્તનની, ક્રાંતિની ભરપુર શક્યતાઓ પડેલી છે. પણ આ બીજ (સમાધિસ્થળ) તરફ કોઈનું લક્ષ જ નથી. એ ઉપેક્ષિત અવસ્થામાં પડ્યું છે અને નિંદામણ ઉગતું રહે છે એ સાફ કરવામાં પણ રસ નથી એથી બીજ એમ જ પડ્યું છે. ઈશ્વરની કૃપા છે કે આ બીજ હજી જીવંત રહ્યું છે.

સમાધિસ્થળ એ કેન્દ્ર છે, પાયો છે, આશ્રમની જમીન એનું પરિઘ છે. જ્યારે કેન્દ્રમાંથી વિકાસ શરૂ થશે ત્યારે એ સાચી દિશા અને લક્ષ તરફ દોરી જશે. ખાલી પરિઘનો વિકાસ કરવામાં આવશે અને સમાધિસ્થળ ઉપેક્ષિત રહેશે તો એ પાયા વિનાના ઘર સમાન થશે.

ગાંધીજી સફળ થયા એટલા માટે કે એણે નિંદામણને વરદાનમાં પલટી નાંખેલ. સમાજના બુધ્ધિજીવી, ખેડુતો, હરિજનો, સ્રી, પુરુષ, બાળકો બધાને લગભગ પરિવર્તનના કાર્યમાં લગાડી દીધા. ગાંધીજી પાસે શુધ્ધ બીજ હતું અને એને યોગ્ય માવજત, હવા, પાણી વિ. આપવાનું તેણે કાર્ય શરૂ કર્યું પણ એ પરિપક્વ થઈને ફળ આપે એ પહેલા ગાંધી ચાલ્યા ગયા. અને પાછળના એની યોગ્ય માવજત ન કરી શક્યા અને નિંદામણ ઉગતું જ રહ્યું, ઉગતું જ રહ્યું. પણ સંતબાલ જેવા સંતોએ બીજને પારખી શક્યા અને એ બીજ નાશ ન પામે, કમસેકમ, એટલી એનાથી શક્ય માવજત કરીને આ બીજને સાચવી રાખ્યું છે. હજી આવા બીજ ઘણે ઠેકાણે પડેલા છે એમાંનું કેટલુંક બીયારણ અહિં પણ છે. એ બીજ છે સમાધિસ્થળમાં એને ઓળખીએ, જાણીએ, નિંદામણનું કાર્ય શરૂ કરીએ. બહુ કષ્ટદાયક હોય છે નિંદામણનું કાર્ય. પ્રસવની પીડા પછી પ્રાપ્તિનો આનંદ પણ હોય છે એટલા માટે જ માતાઓ આ પ્રસવ પીડા ભોગવે છે.

ખૈરનારની લડાઈ એ પણ નિંદામણ સામેની લડાઈ છે. એ લડાઈથી ફાયદો જરૂર થયો છે પણ યોગ્ય દિશા અને લક્ષ ન હોવાથી જે ફળ મળવું જોઈતું હતું તે ન મળી શક્યું. પત્રકારોને તેની પસ્તી વેચવામાં રસ હોય છે. એ વધારે કેમ વેચાય એમાં રસ હોય છે અને એ માટે કોઈને ને કોઈને પ્યાદુ બનાવી દે છે અને પ્યાદા ને પણ આનંદ આવે છે એમ ખૈરનાર એ પ્યાદુ બની ગયા. ખૈરનાર પાસે ત્યાર પછીની દિશા અને માર્ગ ન હતા, શુધ્ધ બીજ ન હોતું. નિંદામણની સફાઈ વગર એણે બી વાવવાનો પ્રયત્ન કર્યો. રાજકારણીઓએ, બુધ્ધિજીવીઓએ, પત્રકારોએ ખૈરનારને પ્યાદુ બનાવીને પોત પોતાની મહત્વાકાંક્ષા ને પોષવામાં ઉપયોગ કર્યો. ધીમે ધીમે એ લોકો જ ખૈરનારને ઉપેક્ષિત કરતા રહ્યા ખૈરનારની લડાઈ હજી ચાલુ છે, પણ એ હજી દિશા અને માર્ગની શોધમાં છે. દશા અને લક્ષ સ્પષ્ટ હોત તો આ બધા બુધ્ધિ જીવીઓ, પત્રકારો, સમાજ પરિવર્તનની દિશામાં એક મોટું પરિબળ બની જાત.

નકારાત્મક વલણથી નહી, વિધેયાત્મક કાર્યથી પરિવર્તન થાય છે એ ક્યારેય ન ભૂલીએ. નિંદામણ નિંદામણ જ છે. એનાથી ડરવાની જરૂર નથી. નાંગર ફરે ત્યાં જ અડધું નિંદામણ નાશ પામે છે. બાકીનું પછી મળીને સાફ કરવાનું હોય છે. જાગૃત રહીને નિંદામણ સાફ કરતા રહેવું પડે છે. ખૈરનાર હજી અસ્પષ્ટ છે, સ્પષ્ટતા માટે એમણે સંતબાલે સાચવી રાખેલ શુધ્ધ બીજનું અધ્યયન, મનન અને ચિંતન કરવું જરૂરી છે એથી દિશા સ્પષ્ટ થશે. ખૈરનારને આજના કાળની જરૂરિયાત પ્રમાણે યોગ્ય દિશા એમાંથી મળશે. આપણે સહુ નિંદામણ સફાઈ કાર્યમાં જોડાઈ જઈને સાથ સહકાર આપીએ એ ભાવના પ્રાર્થના છે. (સવારે ૨.૦૯ મીનીટે) **૨૩.૮.૯૬ ૦.૩.૨૦ મીનીટ**

આ લખાણ પછી દરિયા પર ફરવા ગયો. પવન શાંત હતો. હવા એકદમ પડી ગઈ હતી, ચંદ્રમાં ઘનઘોર આકાશમાં છુપાઈ ગયો હોવાથી સુદ હોવા છતા, પ્રચંડ અંધકાર ચારે તરફ નજરે પડતો હતો. પણ આ અંધકારમાં દીવાદાંડીની લાઈટ ઘુમતી રહીને ચારે તરફ પ્રકાશના લીસોટા અવિરત ફેંકતી રહી હતી. આમ સત્પુરુષો એ દીવા દાંડીની લાઈટ સમાન છે. પ્રચંડ અંધકારમાં પણ એમની લાઈટ ચારે દિશામાં સતત ફરતી જ હોય છે. પણ એ પ્રકાશને પામવાને, જોવાને નિર્મળ દ્રષ્ટિ અને શુધ્ધ અંતકરણ જોઈએ. આ સમાધિ એવી જ દીવા દાંડીની લાઈટ છે. પ્રકાશ કોઈને દેખાતો નથી એ આશ્ચર્ય છે.

ક્યારેય આ પૃથ્વી સત્પુરુષો વિહોણી હોતી નથી એનો અર્થ એ થયો કે આ દિવ્ય પ્રકાશ ચારે તરફ ફેલાતો રહે છે. છતાં આ પ્રચંડ અંધકાર કેમ? કેમ આ પ્રકાશની નાની એવી ઝલક પણ નજરે નથી પડતી? ૩.૩૦ પુરા.

## ડાયરી પાનુ ૧૨૯ /૧૩૦

**જ્ઞાની પુરુષના વચનનો દ્રઢ આશ્રય જેને થાય તેને સર્વ સાધન સુલભ થાય એવો અખંડ નિશ્ચય સત્પુરુષોએ કર્યો છે. શ્રીમદ્જી**

૬.૧.૯૭ સવારે ૦૪/૩૨.

ગઈ કાલે મૌન અને સાધનાને એક વરસ પુરૂ થયું. સમય કેટલા ઝડપથી પુરો થાય છે. લાગે છે જાણે હજી એક જ દિવસ થયો છે.

આ વખતની સાધના વાયુવેગ ચાલી સાધનાની કસોટી માટે કેટલાક પ્રસંગો પણ આવ્યા. સત્ય અને અહિંસાનો પ્રયોગ કરવાનો નિર્ધાર પનવેલ ફાર્મમાં થયો અને એનો અમલ અહીં ધર્મધરા ચિંચણમાં થયો

શ્વાનના પ્રસંગે અહિંસાની કસોટી થઈ.
એકરાર નામું કરીને સત્યની કસોટી થઈ.
શ્વાન પ્રત્યે પ્રેમ રહ્યો.
સંતોષના પ્રસંગથી ક્ષમાની કસોટી થઈ.
સંતોષના બીજા પ્રસંગથી પ્રેમની કસોટી થઈ.

માતુશ્રી તથા માટલિયાજીના અવસાન પ્રસંગે શાંતિ-સમતા-સમાધિ અવિચળ રહી એ સમતાની કસોટી બની.

મૌનમાં પનવેલમાં એકાદ બેવાર બોલાઈ ગયેલ. મૌનમાં ચિંચણમાં ક્યારેય ક્ષતિ ન થઈ, ન કોઈ વિક્ષેપ થયો.

તત્વનો ક્યારેય ફરી શકે નહી તેવો દ્રઢ નિર્ણય થયો. કૃપાળુ દેવ પ્રત્યે સર્વ સમર્પણ ભાવનો નિશ્ચય થયો. અંશે સમર્પણ તો હતું પણ એટલું પુરતું નથી. સંપૂર્ણ શરણાગત નિર્ણય જ કાર્યને યથાયોગ્ય ન્યાય આપી શકે, સર્વ સંશયથી મુક્તિ થઈ કાર્યની સ્પષ્ટ દિશા અને માર્ગ મળ્યા, હવે પછીના કાર્યની સ્પષ્ટ રૂપરેખા મળી.

ઈશ્વરે જ્યારે જ્યારે જેવી જેવી જરૂર હતી તેવા સંયોગો સમયે સમયે તુરત જ પુરા પાડ્યા. યથાયોગ્ય સમયે યથાયોગ્ય સાહિત્ય ઉઘડતા દ્વાર અંતરના પુસ્તક મળ્યું. યથાયોગ્ય સમયે દુલેરાય માટલિયા જેવા સહાયક મળ્યા. નિસર્ગ પ્રત્યે દ્રઢ શ્રધ્ધા થાય એવા પ્રસંગો બન્યા જેણે નિસર્ગ પ્રત્યે દ્રઢ શ્રધ્ધાનો નિશ્ચય કરાવ્યો.

કુદરતની અકળ લીલા ને સમજવી મુશ્કેલ છે. એના કાર્યોની મુલવણીમાં આપણે હંમેશા ઉણા જ ઉતરવાના. નિસર્ગના શરણે રહેવામાં અને નિસર્ગને સહયોગી બનાવીને રહેવામાં જ આપણું કલ્યાણ છે, હિત છે.

ગુરૂ એક અદભૂત અને અલૌકિક વસ્તુ છે. એમના માધ્યમ વગર કે એમની કૃપા વગર કંઈ જ શક્ય નથી. આત્મજ્ઞાની ગુરૂ વિના નિવેડો નથી. આત્મજ્ઞાની ગુરૂનો આશ્રય મળ્યો એ જ સર્વશ્રેષ્ઠ કાર્ય થયું. એમની કૃપાને પાત્ર થયા એ મહાભાગ્ય. પત્ર ૧૯૪માં કૃપાળુ દેવ લખે છે, ''મુમુક્ષુ જેના ચરણારવિંદ સેવે છે તેની દશાને પામે છે.'' અહી તો એના કરતા સવાયું પ્રાપ્ત કરાવ્યું એ એમની કૃપાનો જ મહિમા છે. આ એક અદ્‌ભૂત બનાવ છે આ સદીનો નથી કોઈ સિધ્ધિ, નથી કોઈ ચમત્કાર નથી અલ્પમાત્ર શાસ્ત્રજ્ઞાન છતાં અનુભવ થયો છે, ગ્રંથિભેદ થયો છે, આત્મ સાક્ષાત્કાર છે તે ત્રણે કાળે સત્યવાત છે.

અધ્યાત્મ પાસે વિજ્ઞાન બાળક સમાન છે, એ અનુભવે સમજાય છે. જે ટોચ પર અધ્યાત્મ પહોંચેલ છે એ ટોચ પર વિજ્ઞાનને પહોંચવા અનંત કાળ પ્રયત્ન કરે તો પણ ક્યારેય એ અધ્યાત્મની ટોંચે પહોંચી શકે નહી એવું પરમ માહાત્મ્ય અને રહસ્ય અધ્યાત્મનું છે. એ રહસ્ય ફક્ત અનુભવીઓ જ અનુભવી શકે છે.

૧૯૮૧ના અકસ્માત પછી જે અંતર મનોમંથન ચાલુ થયેલ તે આજે વિરામને પામે છે. એ શા માટે અકસ્માત થયો એની પાછળની ભૂમિકા આજે સ્પષ્ટ સમજાય છે.

આ આર્યભૂમિની જ આ વિશેષતા છે. આવો બનાવ આર્યભૂમિમાં જ શક્ય છે. એક પછી એક સમ્યક્ નિર્ણયો થતા જાય છે અને પેલા જેમ નિર્ણય થયા પછી અમલ માટે સમય વ્યતીત થતો હતો તેમ ન થતા નિર્ણય થયો એ ક્ષણથી જ જાણે અમલ શરૂ થઈ જાય છે એવું સ્પષ્ટ દર્શન થયું. ઉતાવળ અલ્પ માત્ર નથી પૂર્ણ ધીરજ છે, પૂર્ણ સમતા છે, પૂર્ણ શાંતિ છે, પૂર્ણ સમાધિ છે, કોઈ પણ બનાવ કે પરિસ્થિતિ આમાં હવે વિક્ષેપ પાડી શકે નહી એમ નમ્ર ભાવે હવે લાગે છે, આ માં જે કંઈ વિશેષતા છે, કૃપા છે, મહતા છે, તે સત્પુરુષની જ છે. કૃપાળુદેવની જ છે, આપણે તો નિમિત માત્ર છીએ.

અહો ! અહો ! શ્રી સદ્‌ગુરૂ, કરૂણા સિંધુ અપાર,
આ પામર પર કર્યો, અહો ! અહો ! ઉપકાર

એમના જ શબ્દોથી એમને ભાવાંજલિ અર્પણ કરું બીજુ પોતાનું મૌલિક તો કંઈ નથી. જે ઉપકાર થયો છે કૃપાળુદેવનો એ ઋણ ક્યારેય ફેડી શકાય નહી તેમ છે. શબ્દોમાંએ પ્રદર્શિત કરવું શક્ય નથી થાય.

''સત્ય ધર્મનો ઉધ્ધાર થશે અવશ્ય આ દેહથી'' આ તેમની છેલ્લી ઈચ્છા હતી. જો ઈશ્વરકૃપા કરે અને તેમની ઈચ્છા હોય તો આ સ્વપ્ન ચરિતાર્થ કરવામાં ઈશ્વર નિમિત બનાવે એ સિવાય કોઈ જ ઈચ્છા નથી. મોક્ષની પણ ઈચ્છા નથી. એમના ચરણકમળમાં જે આશ્રય મળ્યો છે એ પુરતું છે. અન્યની ન ઈચ્છા છે, ન અપેક્ષા છે, ન આશા છે. આ અર્થે આટલો નિર્ણય થયો છે.

૧. જગત આખાના શિષ્ય થઈને રહેવું પણ ક્યારેય આ જન્મમાં કોઈને પણ શિષ્ય ન કરવો કે ન કોઈના ગુરૂ થવું.
૨. પરિગ્રહ માત્રનો ત્યાગ કરવો.
૩. ઉદય પ્રમાણે વર્તવું અને સમતા રાખવી.

આજનો ઉદય છે સર્વસંગ ત્યાગી થઈને (સર્વસંગ પરિત્યાગ નહીં) સ્થિર થઈને બેસવું અને ખેતી કરવી. આ ખેતી પૂર્ણ અહિંસક હોય આ સ્થિરવાસમાં ખેતી સાથે શ્રમ, સાદાઈ, સફાઈ, સ્વયંપાક, સેવા અને સાથે સ્વાધ્યાય ભક્તિ.

આજે તો ''એકલો જાને રે'' એવી સ્થિતિ છે પણ આ અને હવે પછીના કાળમાં ક્યારેય એકલો નહી હોઉં. કૃપાળુદેવનો સંગ અવિચળ થયો છે અને રહેશે એટલે અસંગદશા પૂર્ણ થઈ હવે તેમના સંગમાં જ રહેવાનું થયું છે.

ભારત અને વિશ્વશાંતિનો ઉકેલ ખેતી, ગાય, બળદ અને આયુર્વેદ આ ત્રણમાં રહેલો છે ભારતના તમામ પ્રશ્નો આનાથી હલ થઈ શકે તેમ છે એ અંગે હવે પછીનું જીવન હશે.

લક્ષ્ય છે વિશ્વશાંતિ

**ૐ શાંતિ : શાંતિ : શાંતિ**

# આજની સમસ્યાઓનો ઉકેલ દેશી ગોવંશમાં છે.
# લોકભારતી સણોસરા પહેલ કરેલછે.

તા.૧૬ ફેબ્રુ. ના ભાવનગર જિલ્લાના ખેડૂતો અને પશુ પાલકોનું એક સંમેલન લોકભારતી સણોસરામાં ગુજરાત ગૌસેવા આયોગ અને લોકભારતીના સંયુક્ત નેજા હેઠળ યોજાયેલ આ કાર્યક્રમનો હેતુ હતો

(૧) લોકભારતી સણોસરામાં મહેશભાઈ મહેશ્વરીના માર્ગદર્શન મુજબ લોકભારતીની ગૌશાળાની ગાયો અને જમીનને ઝેરી રસાયણોથી મુક્ત કરવાનો એક સફળ પ્રયોગ ચાલી રહ્યો છે તે પ્રત્યક્ષ દેખાડવાનો, તેની માહિતી આપવાનો.

(૨) ગુજરાત સરકાર દ્વારા પશુપાલનને ઉતેજન આપવા ચાલતી વિવિધ યોજનાઓની જાણકારી આપવાનો.

૧. સમ્મેલનમાં અમદાવાદથી પધારેલા મહેશભાઈ મહેશ્વરીએ જણાવ્યું હતું કે બેમર્યાદ યુરિયા જંતુનાશક દવાઓ વિ.થી જમીન રસકસ વગરની થઈ ગઈ છે. આનાથી હવા, પાણી અને જમીન ત્રણે દુષિત થઈ ગયા છે. આ જમીન ફરી રસકસવાળી કરવા, તેમાં કાર્બનનું પ્રમાણ વધારવા અને પેસ્ટીસાઈડ અને હેવી મેટલનું વિઘટન કરવાનું-ઝેર મુક્ત કરવાનું આજે પણ શક્ય છે અને ધરતી ફરી રસકસવાળી અને ઉપજાઉ બની શકે છે અને એનું એક જ માધ્યમ છે આપણું દેશી ગોધન અને તેનું ગોબર અને ગોમૂત્ર આની વિગતવાર સમજણ આપેલ હતી.

શ્રી મહેશભાઈએ લોકભારતીમાં એક હાઈડ્રોપોનિક યુનિટ-રોજ ગાયોના પોષ્ટિક લીલો ઘાસ ચારા માટે તથા એક બાયોગેસ પ્લાન્ટ સ્વખર્ચે લગાવેલ છે.

હાઈડ્રોપોનિક યુનિટમાં રોજનું ૧૦૦૦ કિલો ઘાસ મેળવવા માટે ૧૦૦૦ ફૂટ જગ્યા અને ૨૦૦૦ લીટર પાણી જોઈએ. એટલું જ ઘાસ જમીન પર ઉગાડવા માટે ૨૫ એકર એટલેકે દસ લાખ ફૂટ જમીન અને ૨ લાખ લીટર પાણી જોઈએ. આ પધ્ધતિથી જમીન ૧૦૦૦% અને પાણી ૧૦૦૦૦% ટકા બચે છે. પાણી અને જમીનની કિંમત ગણીએ તો ઘાસ શું ભાવે પડે ? જ્યારે આ પધ્ધતિથી પાણી-જમીન-બિયારણ સાથે પોષ્ટિક તત્ત્વો ઉમેરી જે ઘાસ કરીએ છીએ તે અત્યંત પૌષ્ટિક તાજુ લીલું ઘાસ ૫ થી ૬ રૂા. કિલો પડે છે. આ ઘાસ દુધાળુ પશુઓને આપીએ ત્યારે મહિનામાં જ દુધની આવકમાં ૨૫ થી ૩૦% વધારો થાય છે અન્ય ખાણદાણ કે સુકુઘાસ દેવાની જરૂરત રહેતી નથી. આ ઘાસ ખાવાથી પશુઓના શરીરમાં રહેલ Toxic ઝેરી રસાયણો નીકળી જાય છે જેથી શુધ્ધ ગોબર-ગોમૂત્ર મળે છે.

૨. બીજા તબક્કામાં આ શુધ્ધ ગોબર ૨।। કિલો, ગોમૂત્ર ૨।। લીટર-પાણી ૧૦૦ લીટર આ પ્રમાણસર તેની સાથે ગોળ-ગાયનું શુધ્ધ ઘી, મધ, કેસર, છાશ, બીલીપત્ર, સરગવો, તુલસી, જેવા ૨૮ જાતના કિંમતી ઔષધો EBC યુનિટમાં-બાયોગેસમાં નાખવાથી ૯૦ થી ૧૦૦ દિવસમાં ઉત્તમ પ્રવાહી ખાતરમાં પરિવર્તત થાય છે.

૩. આ પ્રવાહી ખાતર જમીન પર ટપક, ફુવારા કે પાણી પાતી વખતે પાણીમાં મેળવીને જમીનના પાકને દેવામાં આવે છે. એક વરસમાં ૧૭/૧૮ પાણી ખેડૂત જમીનના પાકને માટે આપે છે. આ ઉત્તમ જમીન સુધારક પ્રવાહી ખાતર ૧૭/૧૮ પાણી સાથે આપવાથી જમીન રસાયણ મુક્ત અને ઉપજાઉ બની જાય છે. પહેલા ગાય - પછી ગોબર ગોમૂત્ર - પછી જમીન અને પછી તેમાંથી ઉત્પન્ન થતા પાકો આ છે શુધ્ધ ઓરગેનીક પાક અને આનાથી છેવટે તો માનવી જ લાભાર્થી બનશે.

૪. આ પ્રવાહી ખાતરની વિશેષતા એ છે કે ગમે તેવા દરિયાના ખારા પાણીને શુધ્ધ મીઠુ પાણી બનાવી રણ કે ખારી જમીનને પણ ઉપજાઉ કરી શકાય છે.

દેશી ગાયમાં જ કુદરતે એવું DNA બનાવેલ છે કે ગમે તેવા ઝેરને એ અમૃતસમ-Detoxic બનાવી શકે છે. આવી દૈવી શક્તિ બીજા કોઈ પ્રાણી-પશુના DNAમાં નથી અને એટલે જ આપણા ઋષિઓએ ગોમય વસતે લક્ષ્મી કે ૩૩ કરોડ દેવતાનો વાસ કહેલ છે.

રખડતી-વસુકી ગયેલી કે ગમે તેવી દેશી ગાય હોય તો પણ તેના માત્ર ગોબર ગોમૂત્રથી ૫૦ ગાય-૫૦ એકરમાં વરસે ૫૦ લાખ કમાવી આપે ઉપરાંત ૫૦ માણસોને પોતાના જ ગામમાં રોજગારી મળી શકે. આશ્ચર્ય લાગે પણ આ હકીકત છે. જો ગુજરાત સરકાર આ કાર્યક્રમમાં હૃદયપૂર્વક સહયોગ આપે તો પાંચ વરસમાં ગુજરાત સંપૂર્ણ દેવા મુક્ત થઈ શકે તેટલું અદ્ભૂત સામર્થ્ય આ પ્રયોગમાં છે એટલું જ નહી પચાસ લાખ માણસને રોજગારી પણ મળી શકે. બધા જ સંમેલનમાં આવેલા પશુપાલકો-આયોગના અધ્યક્ષ વલ્લભભાઈ તથા સંસદસભ્ય રાણા સાહેબે પ્રત્યક્ષ આ ગૌશાળા અને પ્રયોગની મુલાકાત લીધેલ મહેશભાઈએ બધાને પ્રત્યક્ષ આ પ્રયોગની માહિતી આપેલ અને તેના પ્રશ્નોના સમાધાનકારી ઉતર પણ આપેલ.

લોકભારતી-નિયામક અરૂણભાઈ દવે તો આ કાર્યક્રમમાં પૂર્ણ સહકાર આપી જ રહ્યા છે. એમણે સરળ લોકભોગ્ય ભાષામાં આ બધી માહિતી વિગતવાર બધાને સમજાવેલ અને ૩૦૦૦ એકરમાં આવો પ્રયોગ લોકભારતી અને મહેશભાઈના માર્ગદર્શન હેઠળ કરવા માટે ખેડૂતો તૈયાર થયા છે.

ભાવનગર જિલ્લાના લોક પ્રતિનિધિ શ્રી રાણાએ શ્રી મહેશભાઈના વકતવ્યને બિરદાવતા કહ્યું કે ગાયો સાથે નિસ્બત જોડવાની જરૂર છે. નિસ્બત હશે તો ચોક્કસ આ દિશામાં રચનાત્મક કાર્ય થઈ શકશે.

ગૌસેવા બોર્ડના અધ્યક્ષ ડો. વલ્લભદાસ કથીરિયા તથા તેમના બે સાથીઓએ પણ પ્રાસંગિક પ્રવચનો કર્યા હતા જેમાં ગુજરાત સરકાર દ્વારા રાજ્યના ખેડૂતો પશુપાલન તરફ વળે એ માટે જાહેર કરેલી જુદી જુદી સ્કીમ વિશે માહિતી આપી હતી.

ભારતના સદભાગ્ય છે કે મહેશ મહેશ્વરી જે સી.એ./એન્જીનીયર છે તેમની ખેતી નથી પણ ઈશ્વરે એમને આ સુઝાડેલ છે અને આપણને શ્રેષ્ઠ, ગોપ્રેમી મેળવી આપ્યા છે. મહેશભાઈ માત્ર વાત નથી કરતા પણ આ પ્રયોગમાં જે રોકાણ થાય છે તે પણ ખેડૂતોને આપે છે અને પાક થયા પછી એ રોકાણની રકમ કાપ્યા પછી પણ ખેડૂતોને એકરે ૫૦ હજારની ગેરન્ટી પણ આપે છે.

સરકાર, પ્રજા અને આપણે ગોપ્રેમીઓ જો આ વાતને ઉપાડી લઈએ તો ગાય ક્યાંય રખડતી જોવા નહી મળે પણ ઘરેઘરે ફરી ગોપાલન શરૂ થાય અને ગોરક્ષા નહી આપણી રક્ષા થાય.

**પ્રયોગ પ્રત્યક્ષ જોવા દર રવિવારે લોકભારતી-સણોસરાની મુલાકાત લેવી. સંપર્ક : શ્રીધરભાઈ, ૯૪૨૭૪૦૯૭૫૫, ૦૨૮૪૬-૨૮૩૫૪૪**
**પ્રેષક : શાંતીલાલ ગડા, અંધેરી, મો.નં.૯૩૨૩૪૧૨૪૭૧.**

# શાંત અને નીરોગી જીવન જીવવા - ''સજીવ આહાર'' તરફ માંડીએ કદમ!

કળતર થવું, તાવ તરિયો આવી જવો, માથું દુ:ખવું, કે પેટની નાની-મોટી ગરબડ ઊભી થઈ જાય, તો એને આપણે 'ગંભીર બીમારી' નહીં, પણ 'સામાન્ય કટેવ' થયાનું કહી મનમાંથી કાઢી નાખતાં હોઈએ છીએ. પણ ક્યારેક જેની પીડા અને રીબામણીથી હતાશ થઈ જઈ માણસ મરવાનું પસંદ કરી બેસે, અને કોઈ જાતની સારવારને ન ગાંઠે એવા દર્દોની સંખ્યા પણ ઓછી નથી.

માણસની ઉંમર નાની હોય કે મોટી, જણ પાતળો હોય કે જાડો, સ્ત્રી હોય કે પુરુષ, જણ બેઠાડુ હોય કે મહેનતુઃ કેન્સર જેવા ગંભીર રોગો સૌ કોઈને પોતાની લપેટમાં લેવા લાગ્યા છે.

અરે, એની તો સારવાર લેતાં લેતાં યે દર્દી તો ઝૂરીઝૂરીને મરવાનો અને એનું આખું કુટુંબ આર્થિક પાયમાલીમાં બરબાદ થવાનું.
**આનું કારણ શું? -** શરીરને પરસેવો વાળવાની વાત ક્યાં કરવી? થોડુંક આઘેરૂક જવું-આવવું કે શરીરને થોડોકે ય આલ પડે, તેવી કોઈ પ્રવૃત્તિને આપણે ઢૂંકડી જ આવવા દેતા નથી. શરીરશ્રમથી સાવ બચવા માગીએ છીએ. ''સાજા રહેવું'' એ શરીરનો સ્વભાવ છે. પણ આપણી રહેણીકરણી અને ખાણીપીણી માંદગીની મદદગાર બની છે.
**ખોરાકનો પ્રભાવ અજોડ હોય છે -** કહ્યું છે ને અન્ન એવો ઓડકાર! દુષ્ટનું અન્ન એકલું લોહી નથી બનાવતું, મનને પણ ફેરવી દે છે.
**જરા તપાસ કરજો - ક્યારેક અભ્યાસ કરજો -** બજારમાં મળતા દૂધમાં પાણીનું ઉમેરણ થાય ત્યાં સુધી તો માફ! પણ એકેય ગાય કે ભેંશ જેવું દૂધ દેતું જાનવર ન હોય. એવી ડેરી ટેંકર મોઢે દૂધ વેચે છે. બોલો! કહે ચોખ્ખુ ઘી, પણ અંદર વેજીટેબલ હોય ત્યાં સુધીતો કંઈક ઠીક! પણ કતલખાનામાં હલાલ કરેલાં પ્રાણીની ચરબી ઓગાળીને એકરસ બનાવી નહીં હોય એની ખાત્રી ખરી? ડબા ઉપર લેબલ હોય ''શીંગતેલ'' નું, પણ અંદર કપાસિયા તેલ કે પામોલીન, અરે! અખાદ્ય તેલની કેટલી ટકાવારી હશે એ બાબતની જાણકારી હોય દુકાનદાર, મીલ માલિક કે ઉપરવાળાને ત્રણને! આપણેતો બસ, શીંગતેલનો ભાવ દેવાનો અને શીંગતેલના જ ભ્રમમાં રહી આરોગ્યે રાખવાનું!

ભેળસેળની ટેકનિક ખૂબ વિકસેલી છે. જે થોડી-ઘણી આપણી જાણમાં છે. તેમાં-ચાની ભૂકીમાં લાકડાનો છોલ, કૃત્રિમ રંગ અને કોફીમાં ચીકોરી, અને છેવટે ખજૂરના ઠળિયાનો કલર કરેલો ભૂકો। ડગલેને પગલે જોઈતા ઘરવપરાશી મરી-મસાલામાં પણ એવું જ કંઈક, જેમકે હીંગમાં લાકડાનો છોલ અને કાળામરીમાં ૨૫ ટકા પપૈયાના આખાં બિયાં. ખસખસમાં અરધો અરધ રાજગરાના બીજ. અને અતિ મોંઘા કેસરમાં બે ભાગના મકાઈની મૂછોના રંગ કરેલા તાંતણા। કહેવાય ''કેરીનો રસ'' પણ હોય અંદર અરધાથી વધુ તો પાકા પપૈયાનો ગર, ખાંડ અને એસેંસ! ધાણાજીરુમાં લાકડાનો વેર ભેળવે ત્યાં સુધી તો હળવું ગણાય, પણ અંદર ઘોડા-ગધેડાની લાદ ભેળવવામાં પણ આંચકો ન અનુભવે! માણસની લોભવૃત્તિએ ખોરાકોને કેવા બગાડી મૂક્યા છે એનું કોઈ માપ ખરું?

લગભગ બધા જ ખેડુતોના મગજ ઉપર આજે વધુ ઉત્પાદન કેમ લેવું અને વધુમાં વધુ કાવડિયાં કેમ મેળવી લેવાં. એવી બસ એક જ ધૂન સવાર થઈ ગઈ છે. ''થેલીઓ મોઢે રાસાયણિક ખાતરો અને ટીપણાં મોઢે ઝેરીલાં રસાયણોના ઉપયોગ વિના ધાર્યું ઉત્પાદન મળતું જ નથી!'' બસ, એ જ માર્ગે વળી જઈ- હવા, પાણી, પર્યાવરણ અરે! એ બધાનેજ પેઢીઓ પર્યંત રોટલો રળવાનું સાધન ગણાય તેવી 'જમીન' સુધ્ધાંને બગાડી રહ્યા છે. અને ઝેરી રસાયણોના અતિ ઉપયોગ થકી ઉત્પન્ન થનાર અનાજ, કઠોળ, શાકભાજી, તેલીબિયાં અને ફળો બધાને એવા ઝેરી બનાવી રહ્યા છે કે ખાનાર-વાપરનાર સૌની તંદુરસ્તીનો ખાત્મો બોલાવતા અચકાતા નથી.

થોડા સમજણા માણસો ફળ-શાકભાજીને ઘરે ધોઈને વાપરે છે, પરંતુ ઉપર ઉપરથી ધોયે અંદર ઉતરી ગયેલ આંતર શોષિત ઝેરી રસાયણો દૂર થતાં નથી. એ બધાં પેટમાં પહોંચી, શરીરના કોષોમાં જમા થઈ, વાટ જ જોઈ રહ્યા છે કે ક્યારે જથ્થો પૂરતો જમા થાય અને ક્યારે શરીરમાં જીવલેણ દર્દ ઊભું કરીએ!

રાસાયણિક ખાતરો અને ઝેરીલી પેસ્ટીસાઈડ્ઝની નઠારી અસરે જમીન, હવા અને પાકને તો ઝેરી બનાવ્યાં જ છે, પણ નદીઓનાં વહેતાં પાણી પણ ચોખ્ખાં રહેવા દીધાં નથી. અરે! ગાય-ભેંશના દૂધ ઝેરની માત્રાથી બચ્યાં નથી કે નથી માતાનું ધાવણ ઝેરી રસાયણોથી મૂક્ત રહ્યું! વિચારો! આપણે છોડવા-ઝાડવા અને નીરણ-ચારાને જે ઝેર ખવરાવ્યું છે, એ જ પોતામાં ઠાંસી ઠાંસીને આપણને પરત કરે છે. પરિણામે માણસની તંદુરસ્તી જોખમાણી, રોગ પ્રતિકારક શક્તિ ઓછી થઈ. જીવલેણ દર્દો વકર્યા અરે! માત્ર માણસોમાં જ નહીં, ઉંદર-ખિસકોલી અને કાબર-તેતર જેવા જીવોમાં ય તેની રહન-સહન અને ટેવોમાં ફેરફાર થયા છે.

''જીવવું છે'' એટલું નક્કી કરી લઈએ.
**તો હવે કરવું શું? ખરું મહત્વ શુધ્ધ સજીવ ખોરાકનું -** દર્દ મટાડવામાં દવા ઉપયોગી છે, એના કરતાં પણ દર્દને આવતું જ રોકવા માટે ''શુધ્ધ અને સાત્વિક ખોરાક'' અતિ ઉપયોગી છે. આપણો ખોરાક જ જો સર્વાંગીણ બળવત્તર અને સુપાચ્ય હોય. તો શરીરને તંદુરસ્ત રહેવું વધુ ફાવે છે. ખોરાક બાબતે જો યોગ્ય તકેદારી લેવાય, તો દર્દનું આગમન થઈ ગયું હોય તો પણ તેની વિદાયગીરીની વેળા વહેલી લાવી શકાય છે. આ વાત આજે ઘણાએ શિક્ષિત અને સમજુ સમાજમાં સમજાવા માંડી છે. નબળો ખોરાક ખાઈ માંદા પડવું અને પછી ડોક્ટરના ટીકડા, સૂયા, બાટલા અને વાઢ-કાપકૂપ પાછળ નાણાં ખરચી, શરીરની પીડા વેઠી, સાજા થવાના ઉધામાં કરવા એના કરતાં માંદા જ ન પડાય, એવા ખોરાક ખાવામાં બુધ્ધિમત્તા છે.
**ક્યાં છે એવી ખોરાકી ચીજ-વસ્તઓ? -** શરીરને રોગમુક્ત કરવા આરોગ્ય ક્ષેત્રે જેમ એલોપથી, આયુર્વેદિક, હોમિયોપથી જેવી ઘણી બધી થેરાપીઓ કામ કરી રહી છે-દરેકની કામ કરવાની રીત-પધ્ધતિ અલગ અલગ હોવા છતાં લક્ષ છે બધાનું એક ''શરીરને નરવું બનાવવું'' તે જ! તેમ ખેતી કરવાની અનેક પધ્ધતિઓ માંહ્યલી ''સજીવખેતી'' એ પહેલી નજરે એક પધ્ધતિ-અભિગમ-થેરાપી જ ગણાય.

પણ આગળ કહું તો ''સજીવખેતી''એ માત્ર ખેતીની રીત જ નથી. એ એક ઉત્તમ અને અહિંસક વિચારસરણી છે. ''જીવો અને જીવવા દો'' ના સિધ્ધાંત પર રચાએલી પવિત્ર પ્રણાલી છે. માત્ર રાસાયણિક ખાતર કે ઝેરીલા રસાયણવાળી દવાઓના નિષેધ પૂરતી જ વાત નથી. આમાં કોઈને હાનિ પહોંચાડ્યા વિના, કુદરતની સામે

પડીને નહીં, પણ તેના સૂરમાં સૂર અને તાલમાં તાલ મેળવીને ખેતીની પ્રક્રિયાઓ કરતા રહેવાની કળા છે આ!

**જાગ્યા ત્યાંથી સવાર! -** ખેતીને માત્ર ધંધો નહીં, પણ ધર્મ સમજીને કેટલાક ખેડુતો આ પધ્ધતિથી ખેતી કરી રહ્યા છે-એમના વાડી-ખેતરોમાં રાસાયણિક ફર્ટીલાઈઝર દ્વારા પોષણની પૂરવણી કે નબળા-દૂબળા પાણી થકી પિયત અને ઝેરીલા રસાયણોના વપરાશ વિના -માત્ર સેંદ્રીય ખાતરોના વપરાશ, મીઠાં પાણીથી સિંચાઈ અને વાનસ્પતિક સંરક્ષકોની મદદથી જ ખેતી થઈ રહી છે. જેમાં ગાયો, પંખીઓ, અળસિયાં અને જમીનના ઝીણા જીવોની મદદ લેવાઈ રહી છે. વાડીમાં વૃક્ષો, વેલીઓ, વાડીની જીવંતવાડ, અરે! વાડીમાં ફરતાં પતંગિયાં અને મધમાખી જેવાં પણ ઉત્પાદનમાં પોતાનો ફાળો નોંધાવી રહ્યાં છે. ખરા અર્થમાં ''જીવો અને જીવવા દો''ના સિધાંત પર રચાયેલ આખા યજ્ઞ માહોલની આહુતિરૂપ જે ઉત્પાદન લઈ રહ્યા છે - તેવા ખેડુતો પાસેથી શક્ય બને તો સીધું જ ખરીદી ઉપયોગમાં લેવાનો આગ્રહ રાખવો, એ સૌથી શ્રેષ્ઠ ઉપાય ગણાય, અરે! આપણે ઉપભોક્તા-ગ્રાહક તરીકે આવી નરવી ખાદ્યચીજો પકવનાર ખેડુતને સામેથી કહેવું જોઈએ કે ''ભાઈ! તને આ રીતે ઉત્પાદન લેવામાં ઉતારો થોડો ઓછો મળતો હોય, તો મુંજઈશ નહીં! અમે આજે ચો તરફ થતી રાસાયણિક ખેતી પધ્ધતિથી પકાવેલ પેદાશ કરતા તને થોડા વધારે ભાવ ચૂકવશું, પણ તું આવો અહિંસક રીતે પકાવેલી બિનઝેરી ખોરાક અમને પૂરો પડી રહે તેવી મહેનતમાં રહેજે!'' આમ કરવાથી કાર્યક્રમ માત્ર ખેડૂતનો કે માત્ર ગ્રાહક માટેનો નહીં રહેતાં-ઉત્પાદક અને ગ્રાહક બન્નેનો બની રહેશે. અને મિત્રો! આવું થાય તો જ લાંબું નભે હો ભાઈ!

પણ ખેડુત પાસેથી સીધું ખરીદવામાં ન પહોંચાય, તો આવી ખેતીના ઉત્પાદનો ખરીદ કરીને વ્યાપાર-વિતરણ કરતા એવા વિશ્વાસુ સજીવખેતી પેદાશ વિતરક સ્ટોર (હવે શહેરોમાં ખૂલવા માંડ્યા છે) ઉપરથી ખરીદી, વાપરતા થઈએ એજ શરીરને નરવ્યું અને મનને સ્થિર રાખી-આનંદથી જીંદગી જીવવાનો રાહ લાગ્યો છે ભાઇઓ!

**- હીરજી ભીંગરાડિયા, પંચવટી બાગ, માલપરા, મો.૯૩૨૭૫૭૨૨૯૭**

## સામેની નૌકાને ખાલી સમજવાની!

એક નાનકડું પણ મસ્ત ઉદાહરણ છે. એક નાવિક એક વખત દરિયા કિનારે પોતાની નાવ નાંગરીને સૂતો હતો. બપોરનો સમય હતો. ખૂબ થાકેલો હોવાથી નાવિક ઊંઘી ગયો હતો. એકાએક એની નૌકા સાથે કંઈક જોરથી ટકરાયું. મોટો અને ભયાનક અવાજ થયો. નાવિક જાગી ગયો. કોણે મારી નૌકા સાથે કંઈક અથડાવ્યું એ જોવા એણે નજર કરી તો, બીજી એક નૌકા એની નૌકાને ટકરાઈ હતી. આ નાવિક ગુસ્સે થઈને બીજી નૌકાના નાવિકને લડવા ઊભો થઈ ગયો. ત્યાં જ એણે જોયું કે સામેની નૌકા ખાલી હતી. પવનના જોરથી પેલી નૌકા એની નૌકાને ટકરાઈ ગઈ હતી. એનો ગુસ્સો ઓગળી ગયો. એ પોતાની જાત પ્રત્યે ખડખડાટ હસી પડ્યો! બસ, આપણેય આ ઉદાહરણ યાદ રાખીને એમ સોચવાનું કે સામેની નૌકા ખાલી જ છે! એમાં કોઈ છે જ નહિ, પછી રોષ કોના પર કરવાનો? પ્રયત્ન કરી જોજો, આમ કરવાથી ગુસ્સો કરવાનાં અને નફરત કરવાનાં હજારો કારણો નિમિત્તો ટળી જશે! **- ''ધર્મદ્વાર'' માંથી સાભાર.**

## ભીખામપુર ગામની મહિલાઓ અન્ન સ્વાવલંબન માટે ઘઉં બેંક ચલાવે છે.

ઉત્તરપ્રદેશના કાનપુર જિલ્લાના ભીખામપુર ગામની મહિલાઓ ઘઉં બેંક ચલાવે છે. આ બેંકમાં પૈસા નહી પરંતુ ઘઉં ઉપાડવા અને જમા કરાવવા માટે લોકો આવે છે. ત્રણ વર્ષ પહેલા ગામમાં દુષ્કાળના કારણે અનાજના દાણા માટે લોકો તરસતા રહી ગયા હતા. ખાસ કરીને મહિલાઓ પર બાળકો તથા પરીવારના પોષણની જવાબદારી હોવાથી મહિલાઓને સમજાયું કે માણસની પહેલી જરુરીયાત પૈસા નથી પરંતુ અનાજ છે. આથી પૈસા એકત્ર કરીને મોટા પાયા પર ઘઉંની ખરીદી કરીને જરુરીયાત મંદ લોકોને ઘઉં ઉધાર આપવામાં આવ્યા હતા.

જેમ બેંક પૈસાની લોન આપે તેમ આ અનોખી બેંકે ઘઉંની લોન આપતા અનેક પરીવાર મુશ્કેલીમાંથી ઉગરી ગયા હતા. આ બેંકમાં જમા થયેલા અનાજની સાચવણી કરવાની જવાબદારી મહિલાઓ સ્વેચ્છાએ ઉઠાવે છે. આ બેંકમાં જેને બેંકમાં ખાતુ ખોલીને જેને ઘઉં જમા કરાવ્યા હોય તેને ગમે ત્યારે તેનો જથ્થો ઉપાડવાની છુટ મળે છે. તેના પર કોઈ પ્રકારનો વટાવ કાપવામાં આવતો નથી. આ ઉપરાંત જેની પાસે ઘઉં ખલાસ થઈ ગયા હોય એ પણ બેંકમાં એકાઉન્ટ ખોલાવીને પાછા આપવાની શરતે ઘઉંનો ઉપાડ કરી શકે છે. આ ગામમાં મોટા ભાગના ખેડૂતો અને મજુર લોકો રહે છે. મોટા જમીનદારો પાસે ભાગિયા તરીકે મજુરી કરતી મહિલાઓએ અનાજ વેચવાના સ્થાને સંગ્રહ કરે છે. ઘઉં બેંક ન હતી તે પહેલા એક પરીવારને ૧૨૦ કીલો ઘઉંની જરૂર પડતી એવા સંજોગોમાં જો તેમની પાસે ૭૦ કિલો જ ઘઉં હોય તેવા કિસ્સામાં આ ઘઉંનો જથ્થો વર્ષના અધવચ્ચે ખુટી જતો હતો. આવા સંજોગોમાં ઉંચા વ્યાજદરે પૈસા લાવીને બજારમાંથી ઘઉં ખરીદવા મજબૂર થવું પડતું હતું. આથી જે આર્થિક માર સહન કરવો પડતો તે સમસ્યા હવે દૂર થઈ ગઈ છે.

હવે ઘઉં બેંકના કારણે અનાજની અછતની સમસ્યામાંથી મુક્તિ મળી ગઈ છે. આજ ગામમાંથી પ્રેરણા લઈને આજુબાજુના ૨૦ થી પણ વધુ ગામોમાં ગ્રેઈન બેંક શરું થઈ છે. ઘઉં બેંકો કોઈ પણ સરકારી સહાય કે ખાનગી માણસોની મદદ પર જરા પણ આધાર રાખતી નથી. આ બેંકોનો હેતુ પૈસા હાથ પર હોય કે ના હોય ચૂલો ઘરમાં ચાલવો જોઈએ. પૈસાનો તો દુરોપયોગ પણ થઈ શકે છે આ બેંકના અનાજનો માત્ર પેટ ભરવા જ ઉપયોગ થાય છે.

**- સૌ. ગુજરાત સમાચાર.**

## મિજલસ

આપણા પ્રખ્યાત અંતરીક્ષ વિજ્ઞાની ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામ રાષ્ટ્રપ્રમુખ બન્યા ત્યારે સંસદીય પ્રધાન પ્રમોદ મહાજને તેમને પૂછ્યું: 'આપ ક્યા શુભ દિવસે - મુહૂર્તે રાષ્ટ્રપતિભવનમાં પ્રવેશ કરવાના છો?'

જ્યોતિષમાં શ્રદ્ધા ન ધરાવતા ડૉ. કલામ કહે 'આપણી પૃથ્વી એની ધરી પર ફરે છે. એને કારણે રાત અને દિવસ વારાફરતી બને છે. એવી જ રીતે પૃથ્વી પોતે સૂર્યની આસપાસ ફરે છે એના કારણે આપણને વર્ષ મળે છે. આ ખગોળશાસ્રીય ઘટનાઓ જ્યાં સુધી ચાલુ રહેશે ત્યાં સુધી મારા માટે બધા દિવસો શુભ છે!' અને હસી પડ્યા.

# મોરારજી દેસાઈ : એક યાદગાર મુલાકાત

એ ૧૯૯૦ની અપ્રગટ મુલાકાતના થોડાક અંશ વાંચવા જેવા છે, કારણ એ વિચારો આજે પણ એટલા જ પ્રસ્તુત છે.

પ્રશ્ન: યુવાનો વિશે-આઝાદી પહેલાંના યુવાનોમાં ક્યો આદર્શવાદ ભરેલો હતો? જો એવું હોત તો પછી આપણે ગુલામ કેમ બન્યા? વિદેશી શાસન કેમ ચાલતું હતું? એટલો બધો આદર્શવાદ પહેલાં હોત તો આપણા દેશની હાલત ખરાબ કેમ થઈ?

ઉત્તર: આજ દેશ પછાત છે અને પહેલાં શ્રેષ્ઠ હતો એમ કહેવું યોગ્ય નથી. અંગ્રેજોના શાસનમાં આપણું જેટલું પતન થયું એટલું પહેલાં ક્યારેય થયું નહોતું. પરદેશીઓને સલામ મારવી, એમના તાબામાં રહેવું અને એમાં મજા લેવી-આનાથી ખરાબ પતન બીજું કયું હોઈ શકે? કમસેકમ આવી પ્રવૃત્તિ આજે તો નથી. યુવાનોની એ ફરિયાદમાં દમ નથી કે એમને તક મળતી નથી. તક તો પોતે લેવી પડે. સ્વયં કામ કરો-તક મળશે જ. પરંતુ આપણને હાથમાં જ મળવું જોઈએ એવી આદત પડી ગઈ છે. એના કારણે ચારેબાજુ લાચારી વ્યાપી ગઈ છે. આ લાચારીને મહાત્મા ગાંધીએ અમુક હદે દૂર કરી હતી. પરંતુ એ પણ થોડા સમય પૂરતી જ આ લાચારી દૂર થઈ હતી. આ લાચારી જરૂર દૂર કરી શકે જો સામાન્ય માણસ પણ મોટી મોટી વાતો કરવાને બદલે જે કામ થઈ શકે એવા હોય એ પૂરી ઈમાનદારી અને પરિશ્રમથી કરે તો લાચારી દૂર થાય જ. લક્ષ્મીની સિદ્ધિ હિમ્મત અને નિર્ભયતાથી કામ કરવાથી પ્રાપ્ત થાય છે. યુવાનોએ પોતાની પ્રતિભા ઉપસાવવી જોઈએ. ક્યારેય નિરાશ ન બનો. કોઈની ચાપલૂસી ન કરો. મુશ્કેલીઓ જીવનમાં આવતી રહે છે એને તમારા પર હાવી ન થવા દેશો. ક્યારેય ડરો નહીં. ડરશો તો લોકો વધુ ડરાવશે. નિર્ભયતાથી મુશ્કેલીનો મુકાબલો કરો. ભારતીય સમાજ: 'આદર્શ ભારતીય સમાજનો ઢાંચો ચરિત્રના પાયા પર નિર્માણ થવો જોઈએ. બધા લોકો ચરિત્રવાન બને. ચરિત્રવાન એટલે નિર્ભય હોય, સેવાભાવી હોય, એકબીજાનો આદર કરે, દેશહિતનો વિચાર કરે. આવી સ્થિતિમાં દેશ સુખી થશે. આ દેશમાં બધું જ છે, પરંતુ આપણે આપણી શક્તિ ગુમાવી દીધી છે. આપણે આપણા દેશનું ગૌરવ ભૂલી ગયા છીએ. સંસ્કૃતિ ભૂલી રહ્યા છીએ અને દરેક બાબતમાં વિદેશનું અનુકરણ કરી રહ્યા છીએ. આ પ્રવૃત્તિથી બચવું જોઈએ. આપણી શિક્ષણ પદ્ધતિ બદલવી જોઈએ અને ભારતીયતાના આધાર પર શિક્ષણ આપવું જોઈએ તો દેશ મહાન બની શકે. આ દેશની સંસ્કૃતિમાં જેટલું ચેતન છે, પ્રાણ છે, શક્તિ છે એવી બીજા કોઈ દેશમાં નથી.'

જીવનમાં ભૂલ અને પછતાવો: 'મને કોઈ વાતનો પસ્તાવો નથી થતો. સાચો પસ્તાવો તો એ જ છે કે જે ભૂલ કરી હોય એમાંથી બોધપાઠ લઈ એ ભૂલનું પુનરાવર્તન ન થાય. બાળપણમાં એકવાર ભૂલ થઈ હતી. બીજાની દેખાદેખીમાં ટ્રેનમાં વગર ટિકિટે મુસાફરી કરી હતી. પછી સમજાવું કે આ ખોટું છે, એ પછી ક્યારેય વગર ટિકિટે બેઠો નથી.'

જીવનથી સંતોષ: 'હા, સંતોષ છે, પરંતુ એ અર્થમાં નહીં કે જે ઈચ્છા હતી એ બધું જ મળી ગયું!' નિયતિમાં વિશ્વાસ: 'નિયતિમાં જરૂર વિશ્વાસ રાખું છું પરંતુ એનો અર્થ એવો પણ નથી કે નિયતિ જ બધું કરાવે છે. હા, જે મને મળે છે એ નિયતિ આપે છે.'

**- સૌ. દિવ્ય ભાસ્કર.**

# પુસ્તકોની મૈત્રી

**(૧. મિત્રની આવશ્યકતા, ૨. પુસ્તક સાચો મિત્ર, ૩. પુસ્તકોની મૈત્રીના લાભ, ૪. મહાપુરુષોનાં ઉદાહરણ, ૫. સામાન્ય જનતા અને પુસ્તકોની મૈત્રી, ૬. અમર મૈત્રી.)**

'સંગ તેવો રંગ' એ કહેવત માણસોની બાબતમાં સાચી હોય, તે કરતાં પુસ્તકોની બાબતમાં વધુ સાચી જણાય છે. મિત્રોની જેમ પુસ્તકોનો માનવીના જીવનઘડતર પર નિર્ણાયક પ્રભાવ પડે છે. એક સારા મિત્રની જેમ સારું પુસ્તક માનવીને સુખદુ:ખમાં સાથ, સહારો અને સાંત્વન આપે છે. પેલી અંગ્રેજી ઉક્તિ અક્ષરશ: સાચી છે. A good book is man's friend, philosopher and guide.

કેટલાયના જીવનમાં પુસ્તકો મહાન પલટો આણે છે. રસ્કિનના પ્રસિદ્ધ પુસ્તક 'Unto this last'એ ગાંધીજીને સત્યાગ્રહની પ્રેરણા આપી હતી. ગીતા અને બાઈબલ જેવાં પુસ્તકોએ જગતના અસંખ્ય લોકોને ઉદાત જીવન જીવવાની પ્રેરણા આપી છે. પુસ્તકોની મૈત્રી સાધનાર ગમે તેવી અવદશામાં પણ મૂંઝાતો કે દુ:ખી થતો નથી. પુસ્તક દ્વારા પ્રાપ્ત થતાં મહાપુરુષોનાં હૃદયસ્પર્શી વાક્યો કે સૂત્રો દુ:ખ કે વિપત્તિમાં ધીરજ અને શાંતિ આપે છે. તે માનવીના અસહ્ય દુ:ખને પણ હળવું બનાવે છે. વળી પુસ્તકો દિનરાત મનુષ્યની સાથે રહી શકે છે. એ મનુષ્યનાં વહેમ, અજ્ઞાન અને અંધશ્રદ્ધા દૂર કરે છે અને મનુષ્યને તાજગી અને જ્ઞાન આપે છે. સારાં પુસ્તકો કદી આપણને છેહ દેતાં નથી, એ હંમેશાં સાથ નિભાવે છે. માટે જ રૉબર્ટ સધે નામના અંગ્રેજ કવિએ પુસ્તકમૈત્રી વિશે લખ્યું છે :

My never failing friends are they
With whom I converse day by day.

(કદી છેહ ન દે એવા તે મારા મિત્રો છે, જેમની સાથે હું દરરોજ વાતો કરું છું.)

પુસ્તકોની મૈત્રી રાખનાર માનવીને કદી એકલાપણું સાલતું નથી. તેની કોટડીમાં અમર થઈ ગયેલા મહાપુરુષો અક્ષરદેહે બિરાજે છે. જગતના મહાન દાર્શનિકો, કવિઓ, મહાપુરુષો, વગેરે તેને પ્રસંગોચિત માર્ગદર્શન આપવા હાજરાહજૂર હોય છે. ગીતા જેવાં પુસ્તકોમાંથી અનેક મહાપુરુષોને સદીઓથી પ્રેરણા મળતી રહી છે. ગાંધીજી કહેતા-જ્યારે જ્યારે મને મૂંઝવણ થતી ત્યારે ત્યારે હું ગીતા પાસે દોડી જતો. ઉત્તમ પુસ્તકની સુખદ મૈત્રીનું આ જ્વલંત ઉદાહરણ છે.

સારા પુસ્તકો આખા જનસમાજને દોરે છે. રામાયણ અને મહાભારત આપણા મહામૂલા ગ્રંથો છે. એ ગ્રંથો મનુષ્યમાત્ર માટે મહાન સામાજિક આદર્શો અને ઉચ્ચ નૈતિક મૂલ્યો રજૂ કરે છે. તેમનાં પીયૂષપાન કરનારી ભારતીય પ્રજા એમની પ્રેરણાથી જ અનેક હુમલાઓની વચ્ચે પણ પોતાની સંસ્કૃતિ જાળવી શકી છે. એથી ઊલટું છીછરાં, જાતીય વૃત્તિને ઉશ્કેરનારાં અને અશ્લીલ પુસ્તકોના વાચનથી અનેક લોકોનું પતન થયું છે.

ખરેખર, સારાં પુસ્તકો માનવીનાં અનન્ય મિત્રો છે. પ્રત્યેક વ્યક્તિએ વિવેકપૂર્વક પુસ્તકોની મૈત્રી કેળવવી જોઈએ.

**- પ્રેષક: કિશોરભાઈ ધનજી શાહ, ઘાટકોપર.**

## 'માનવજ્યોત નો સેવાપ્રકાશ'

મુલુંડ (વે) માં કાર્યાલય ધરાવતી માનવજ્યોત સંસ્થાની સેવાજ્યોતનું ક્ષેત્ર મુંબઈ પૂરતું સીમિત રહ્યું નથી. ગુજરાત - કચ્છમાં માનવજ્યોતના કાર્યોએ સુવાસ પ્રસરાવી છે. માનવસેવાનું નાનામાં નાનું કાર્ય કરવા સંસ્થા તત્પર છે. આ સંસ્થા સેવાના એક નામને વળગી રહી નથી. પોતે કાર્ય કરે છે એ સાથે સખીસંસ્થાઓને દિશાદોર આપે છે, સહાય પણ પહોંચાડે છે.

ચક્ષુદાન કરાવે, દેહદાન કરાવે છે અને કન્યાદાન પણ કરે છે! સેવાસંસ્થા હોય એટલે મેડીકલ સેવા તો થતી જ હોય. અનેકવિધ કાર્યોનો સરવાળો એટલે માનવજ્યોત. આમ તો પુસ્તક લખાય એટલી માહિતી થાય. છતાં આછેરી વિગતો પરિચય માટે પૂરતી થશે એવું માનીને સંતોષ લેવો પડે.

માનવજ્યોત એ કન્યાકલ્યાણનું કાર્ય નોંધપાત્ર રીતે કર્યું છે. અપંગ છોકરા છોકરીનાં સવાસો લગ્ન કર્યા. સુરેન્દ્રનગરની સંસ્થાને પ્રજ્ઞાચક્ષુ કન્યાનાં લગ્ન યોજવા માટે મદદ કરી. માટુંગાના શ્રદ્ધાનંદ મહિલાશ્રમની ૯૦ કન્યાઓનું કન્યાદાન કર્યું. જેમાં ૧૫ કચ્છી યુવકોએ સંસ્થાની કન્યાને પરણ્યા છે.

૧૯૯૬ થી ૨૦૦૨ સુધી કચ્છના નવાવાસ ગામમાં છ જેટલા પોલિયો કેમ્પ સ્થાનિક સંસ્થાના સહયોગથી કર્યા. જેમાં કુલ ૯૦૦ ઑપરેશન થયાં, ૭૦૦ ઑપરેશન સફળ થયાં.

૯૦ જેટલા અપંગ યુવા મિલન યોજીને ૩૫૦ થી વધુ અપંગોને જીવનસાથી મેળવવામાં સંસ્થા સહાયભૂત થઈ. જરૂરતમંદ લોકો સુધી અગત્યની સંસ્થાઓની માહિતી પહોંચે એ માટે એક લાખથી વધુ પુસ્તિકા પ્રગટ કરી. ધી ગાઈડ ટુ સોશ્યલ વર્ક - મુંબઈ તથા ગુજરાત એ ઉપયોગી પુસ્તકો છે.

આ સંસ્થા ત્રણ સ્તંભના આધારે ઊભી છે. એક છે રસિકલાલ ન્યાલચંદ દોશી જે સંસ્થાના પ્રમુખ છે. બીજા કુલીનકાંત ચાંપશી લુઠિયા અને વલ્લભજી ડી. શાહ, માનવમિત્ર.

સંસ્થાના મુખ્ય સ્તંભ જેવા રસિકલાલ ન્યાલચંદ દોશી માનવજ્યોતના પ્રમુખ છે. તેઓ ઉદ્યોગપતિ છે. એમની સેવા ભાવનાની સુવાસ ચોમેર પ્રસરી છે. ગાંધીજીના ટ્રસ્ટશિપના સિદ્ધાંતમાં માને છે. તેમણે નેશનલ કિડની ફાઉન્ડેશન (ઈન્ડિયા) અને જીવનજ્યોત ડ્રગ બૅન્કની સ્થાપના કરી છે. વાંકાનેરની આસપાસનાં ગામોમાં બાળમંદિર, શાળા - કૉલેજો, અંધ - અપંગ, ગૌશાળા નિ:શુલ્ક દવાખાનાં, ચક્ષુ હૉસ્પિટલની સ્થાપના કરી છે. મુલુંડમાં 'માનવજ્યોત'ના નિર્માણમાં પણ રસિકભાઈનું ખૂબ મોટું યોગદાન છે.

'માનવમિત્ર' તરીકે જગજાહેર વલ્લભજી ડી. શાહ છેલ્લાં ૨૫ વર્ષથી જીવદયા અને માનવસેવા પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલા છે. સમાજની કેટલીય સંસ્થાઓને આર્થિક રીતે મજબૂત થવામાં તેઓ સહાયભૂત થયા છે. સંસ્થાની પ્રવૃત્તિઓનો સંદેશ યોગ્ય દાતા સુધી પહોંચાડી જે તે સંસ્થાને દાન અપાવવામાં તેઓ માહિર છે. એક અંદાજ એવો છે કે અત્યાર સુધી વિવિધ સંસ્થાઓને તેમણે પાંચ કરોડની સહાય કરી છે. આ લાભ મેળવનાર સંસ્થાઓમાં મહિલાશ્રમો, વૃદ્ધાશ્રમો, અનાથાશ્રમો વગેરેનો સમાવેશ થાય છે.

૯૦ જેટલી અનાથ કન્યાઓને કન્યાદાન કર્યું છે, કરાવ્યું છે, મેરાઉ મહાજન, બિદડા સર્વોદય ટ્રસ્ટ, માનવ મિત્ર મંડળ, ડોંબિવલી વેલફેર ગ્રુપ, પરેલની મારૂ હૉસ્પિટલ વિગેરે સંસ્થાઓ સાથે વલ્લભજીભાઈ સંકળાયેલા છે.

ચાર્ટર્ડ એકાઉન્ટન્ટની કુલીનકાન્ત ચાંપશી લુઠિયા ધીકતી પ્રૅકટિસ છોડીને છેલ્લાં ૨૦ વર્ષથી સમાજસેવાનાં કાર્યોમાં નિષ્ઠાપૂર્વક સેવા આપે છે. નારાયણ સેવા મંડળમાં સેવાકાર્યના પાઠ ભણીને માનવજ્યોતના ખોળે સમર્પિત થયા છે. સદૈવ હસતા રહેતા કુલીનભાઈ કહે છે, સેવાનું ક્ષેત્ર ખૂબ વિશાળ છે. મારી સેવા તો સાગરના બિંદુ સમાન છે.

કુલીનભાઈ ખૂબ પ્રવૃત્તશીલ છે. એ ચાલતા હોય ત્યારે જાણે દોડતા હોય એવું જ લાગે. એમનાં કાર્યોનો આછો પરિચય મેળવીએ, ત્યારે એમની અંદર રહેલા માનવીની ઓળખ થાય.

અત્યારે સુધીમાં બે હજાર બોટલથી વધુ બ્લડ રક્તદાન શિબિરો મારફત એકત્ર કર્યું છે. ચક્ષુદાન પ્રવૃત્તિને વેગવાન બનાવવા પ્રચારસાહિત્ય બહાર પાડે છે અને ૩૫૦ થી વધુ ચક્ષુદાન કરાવ્યાં છે, સમગ્ર મુંબઈની ૨૫ ચક્ષુબૅન્કોનું મુખ્ય કેન્દ્ર આઈ બૅન્ક કૉઓર્ડિનેશન ઍન્ડ રિસર્ચ સેન્ટરના તેઓ ટ્રસ્ટી છે. મૃત્યુબાદ માનવદેહ મેડિકલ ક્ષેત્રના વિદ્યાર્થીઓને જ્ઞાન અને સંશોધન માટે ઉપયોગી બને છે. ૨૦૦ જેટલાં દેહદાન તેમની મારફત થયાં છે.

**- કનૈયાલાલ જોશી.**

## ''હોકો પીએ એટલામાં!''

૧૯૩૦ના સત્યાગ્રહ વખતે હું (રવિશંકર મહારાજ) જેલમાંથી છૂટીને આવ્યો. ત્યારે મહીસાગરના કાંઠા વિભાગનાં ગામડાંના ઠાકરડા ભાઈઓ મળવા આવેલા. ધરાઈને વાતો કરી. પછી હરખભેર એમણે કહ્યું, ''મહારાજ, આપણે ત્યાં એક બહુ સારું કામ થયું.''

''શું?'' મેં પૂછ્યું.

''આપણે ત્યાં હવે મોટર-બસ આવે છે. શું વાત કરીએ, મહારાજ - આ હોકો પીએ એટલામાં તો બોરસદ ભેગા!''

બસની સગવડ થવાથી બધા રાજી રાજી થઈ ગયા હતા. તેમને મેં કહ્યું, ''હોકો પીઓ એટલામાં મોટર તમને બોરસદ પહોંચાડી દે, એ વાત મારા માન્યામાં આવતી નથી. એટલી વારમાં ન લઈ જાય.''

મારી વાત સાંભળીને બધા હસવા લાગ્યા ને બોલ્યા, ''સાચી વાત છે, સાચી વાત છે, મહારાજ; તમે આવશો ત્યારે બતાવીશું.''

''ભલા માણસ, ન લઈ જાય એટલી વારમાં!''

''શું મહારાજ; તમે માની નહીં! ખરેખર, આ હોકો પીએ એટલી વારમાં જ બોરસદ ભેગા કરે છે.''

'ઠીક, પણ બોરસદ લઈ જવાનું ભાડું શું લે છે?' 'છ આના.'

''જતાં-આવતાંના કેટલા થયા?'' ''બાર આના.''

''આખા દિવસની મજૂરીના તમને કેટલા આના, મળે છે?''

''ત્રણ આના.''

'તો બાર આના કમાતાં કેટલા દહાડા લાગે?''ચાર દહાડા.'

''ત્યારે મોટર તમને હોકો પીઓ એટલામાં પહોંચાડે છે, કે બે દહાડે?'' બધા ખડખડાટ હસવા લાગ્યા.

**- ''માણસાઈના દીવા'' માંથી સાભાર, લેખક: ઝવેરચંદ મેઘાણી.**

**પ્રેષક: જાદવજી કે. વોરા, મુલુંડ**

# ભગવાનને બાળકોના પત્રો

અમેરિકાનાં ઘણાં છાપાંમાં 'બાળકોના પત્રો' નામનો એક વિભાગ આવે છે. એરીક માર્શલ અને સ્ટુઅર્ટ હેંપલ એનું સંપાદન કરે છે. જે બાળકોને કાંઈ પત્ર લખવા હોય તે એમની પર મોકલે. તેમાંથી પસંદ કરેલા આ સંપાદકો અનેક છાપાં પર મોકલે અને ત્યાં એ સામટા પ્રગટ થાય.

એવા પત્રોમાંથી કેટલાક ચૂંટીને બેય સંપાદકોએ ૧૯૬૬માં એક ચોપડી બનાવી, તેનું નામ 'ચિલ્ડ્રન્સ લેટર્સ ટુ ગોડ' (ભગવાનને બાળકોના પત્રો). તેની પાકા પૂઠાની આવૃત્તિની દસ લાખ નકલો વેચાઈ ચૂકી હતી. બાળકોના જેવા હસ્તાક્ષરોમાં બધા પત્રો છપાયેલા છે. મૂળ પત્રોમાં હતી તે જ ભાષા અને જોડણીની ભૂલો સાથે એ ચોપડીમાં મૂક્યા છે. દરેક પાના પર બેચાર લીટીનો એક પત્ર.

એ ચોપડીને આધારે ગુજરાતી બાળકો લખે તેવા પત્રોની કલ્પના કરીને આ ખીસાપોથીમાં થોડાક મૂક્યા છે. તે જોઈને કોઈ ગુજરાતી અખબારને 'બાળકોના પત્રો' નામનો વિભાગ શરૂ કરવાની પ્રેરણા મળશે, એવી આશા છે. જતે દિવસે આપણાં બાળકોએ ખરેખર લખેલા પત્રોની આવી ચોપડી તેમાંથી તૈયાર થઈ શકે. બાળકોના ચિત્તમાં કેવા કેવા વિચારો, લાગણીઓ, આકાંક્ષાઓ, નિરાશાઓ પેદા થતાં હોય છે તેનો થોડો અંદાજ એમાંથી મોટેરાંને મળશે.

'ચિલ્ડ્રન્સ લેટર્સ ટુ ગોડ'ની સુંદર ચિત્રોવાળી અંગ્રેજી ચોપડી જેમની તેમ ભારતમાં છાપવાનું મન કોઈ પ્રકાશકને થાય, તો તેને પણ આપણાં ઘણાં બાળકો હોંશે વસાવશે.

**મહેન્દ્ર મેઘાણી.**

૧. ભગવાન, અલાદીનના જેવું જાદુઈ ફાનસ જો તું મને આપે, તો તારે જે જોઈએ તે હું તને આપીશ. - લીલી

૨. વહાલા ભગવાન, મારા બાપુ બહુ હોંશિયાર છે. કદાચ એ તમને મદદરૂપ થાય. - તોમાર

૩. વહાલા ભગવાન, તું માણસોને મારી નાખીને પછી પાછા નવા માણસ બનાવે છે, એનાં કરતાં અત્યારે જે માણસો તેં બનાવેલા છે તેમને જ કાયમ રાખતો કેમ નથી? - રવિ

૪. વહાલા ભગવાન, મારે પંખી બનવું છે. તમે જો એટલું કરશો તો હું વચન આપું છું કે પછી ઘણા દિવસ સુધી હું બીજું કાંઈ નહિ માગું.- સાગર

૫. વહાલા ભગવાન, અમારા ઘરમાં બહુ ધરમ પળાય છે, માટે અમારી કાંઈ ચિંતા ન રાખશો. - બેલા

૫. પૂજ્ય ભગવાન, અમારે અમારા શિક્ષક સામે ફરિયાદ છે કે તે વાતવાતમાં ખીજાઈ જાય છે. અમારે કાંઈ પણ પૂછવું હોય તો કહે છે કે 'મૂંગો બેઠ.' એટલે અમે તારી આગળ એટલું માગીએ છીએ કે તું એમને સારા બનાવ. - સિધ્ધાર્થ

૬. વહાલા ભગવાન, લોકો ગંદા શબ્દો ન બોલે એવું તું ઈચ્છે છે, તો પછી તેં એવા શબ્દો બનાવ્યા જ શું કરવા? - જિગર.

૭. વહાલા ભગવાન, અમારા બાજુના ઘરમાં રેહતાં બહેન અને એમના વર બહુ મોટેથી ઝઘડે છે તો ખૂબ સારા મિત્રો હોય તેમને જ તમારે પરણવા દેવાં જોઈએ. - માહી.

**સંપાદક: ગોપાલ મેઘાણી, મહેન્દ્ર મેઘાણી, પ્રેષક: જાદવજી કે. વોરા**

# ગાયને જાણો...

- ગાય જ્યાં બંધાય છે ત્યાં એક કીલોમીટર સુધી વાતાવરણ પવિત્ર રહે છે .
- ગાયનો શ્વાસ મારા શરીર પર આવે તો થાક ઉતરી જાય. પ. પૂ. વિજયાનંદજી
- છાણ-મૂત્રનો ચાંકો કરાય છે જેથી ભૂત-પ્રેત આવતા નથી.
- ગોકુળ એટલે ગાયોનું કુળ
- ગાયની કાંધમાં સુવર્ણ રસ બને છે, બે જ દૂધ શુદ્ધ માનું અને ગાયનું.
- ગાયના દૂધથી નપુંસકપણું દૂર થાય.
- ગાયના દૂધમાંથી ફ્લોરાઈડ નીકળી જતું હોઈ ગાયનું દૂધ પીનારનાં હાડકાં વળી જતાં નથી.
- પાંચ મિનિટ સુધી ગાયની કાંધથી પૂછ સુધી (બરડા પર) હાથ ફેરવવાથી બી.પી. કન્ટ્રોલમાં આવી જાય છે.
- તું અમીર હૈ તો ક્યા હુઆ? મૈં ગરીબ હું તો ક્યા હુઆ? તેરે પાસ બંગલા ગાડી હૈ તોક્યા હુઆ, મેરે પાસ ગાય હૈ!
- ભારત દેશ આઝાદ થયો ત્યારે આશરે ૩૦૦ પરવાનેદાર કતખાનાં હતાં આજે ૩૫૦૦૦ થી વધુ પરવાનેદાર કતલખાનાં છે. (ગેરકાયદેસર તો ઘણાંય) અધધ...! આવો લોહીયાળ વિકાસ...? અબોલ જીવોનું દુર્ભાગ્ય તો જુઓ. કે બીજી બાજુ ૨૭૦૦ કાયદેસર કતલખાનાંની માંગણી છે અને સરકાર કહે છે કે તે સહાનુભૂતિપૂર્વક વિચારશે! અબોલ જીવો વિશે કોણ વિચારશે? બગલમેં છુરી ઔર મુખમે રામ જેવી સ્થિતિ છે.
- કળિયુગમાં હું મંદિરમાં નહિ પણ ગાયોમાં મળીશ તેથી તો સોનાનું મંદિર મેં સાગરમાં ડુબાડી દીધું હતું. - શ્રી કૃષ્ણ.
- મારા મંદિર પર સોનાનો કળશ નહિ હોય તો ચાલશે પણ મારી ગાયને ભૂખે મારતા નહિ - શ્રી કૃષ્ણ.

  મારે સોનાનું સિંહાસન નહિ હોય તો ચાલશે પણ મારી ગાયો માટે ઘાસચારાથી ભરેલી સારી ગમાણો બનાવજો, જ્યાં મારી ગાયો આરામથી ખાઈ શકે.
- ક્યાં ગયો તમારો ધર્મ? હે ધર્મરક્ષકો, અબોલ જીવોના કલ્યાણ માટે કંઈક તો નક્કર કાર્ય કરો! મતની લ્હાયમાં શાસકો તો કંઈ નહિ કરે, કરશે તો પણ ખોખરા ઢોલ જેવું. બરાબર વાગે જ નહિં.
- ગાયનું રક્ષણ એટલે પ્રભુજીના સમગ્ર મુંગા જીવોનું રક્ષણ ગાંધીજી
- સંજોગોવસાત તમે કોઈ નાની કે મોટી યાત્રાએ જઈ શકતા નથી તો ગૌ માતાને સેવા/પૂજા, પ્રદક્ષિણા કરી, ઘાસ નાંખી તે યાત્રા ધામનો સંકલ્પ કરો. તમને તે યાત્રા ધામનું પુણ્ય ૧૦૦ ટકા મળી રહેશે.
- શ્રી કૃષ્ણે ગૌરક્ષા માટે કહ્યું કેમ? ગાયોના દૂધ સિવાય સંસ્કૃતિ નથી.

**- 'વજાનું વાત્સલ્ય' માંથી સાભાર.**

**ઠીક થાવું, દલ ઠારવું, કરવું પરહિત કામ,**
**તરવું ભવ, પર તારવું, ઈ વહમું છે વશરામ.**

# પત્ર પ્રસાદી

૧. જાન્યુ.૧૭ અંક વિષે

- ઉન્નતિ અંતરની ઝંખના આધારિત છે ? મશરૂવાળાની વાત ગળે ઉતરી ગઈ.
- નીતિ, ધર્મના પાલકે પૈસામાં અનાસક્તિ રાખવી જ ઘટે. આ વિચાર સત્યનો રાહ ચીંધે છે. ગમ્યો સૌ આ રસ્તે ચાલે તો !
- ''આપણા વ્યવસાયનું ઉંજણ-પશુપ્રેમ'' લેખ ખૂબ ઉતમ આત્મીયતા કે ઓતપ્રોત બનવું એ જીવનમાં શ્રેષ્ઠ સદગુણ છે.
- શ્રી રામકૃષ્ણ અને વિવેકાનંદ જેવી ગુરુ શિષ્યની જોડીઓ ખૂબ ઓછી મળે. અભણને આત્મ સમર્પિત સ્વામી. અભણનું સમર્પણ પરમાત્મામાં શું સાંકળ બની! અદ્‌ભૂત! આજના ભણેલા આમાંથી કંઈ મેળવી વિશ્વ સુધારમાં લાગી જાય તો દુનિયા સુખ શાંતિથી છલકી ઉઠે.
- ભેખડીયા ગામનો અનુભવ ગમ્યો. જીવનમૂલ્યોને ઘસારો ન પડે તે ઢબે જીવન ધોરણને સુધારવું અઘરૂં તો નથી ! સંકલ્પ દ્રઢ જોઈએ.
- શ્રી ચીમનલાલ પું. પટેલ ને ધન્યવાદ, વંદન, ગોરક્ષાપાત્ર ૫૧ ઘરમાં મોકલીને ચીમનભાઈએ ઉજાશમાં પગલાં માંડ્યા છે. પ્રભુ તેમનું કલ્યાણ કરે.
  સર્વ જીવ સુખી થાઓ.

**- લવજીભાઈ ચૌધરી, ગઢા. જિ. મહેસાણા.**

૨. ગો.પા. માં ડાયરીમાંથી થોડું આત્મચિંતન અને પ્રયોગ મૂકવાના શરૂ થયા તે ગમ્યું. મારું પૂર્વે સૂચન હતું કે સાધનાની મનવહી મૂકી શકાય તેટલી મૂકાય તે ઈષ્ટ છે, અલબત આ માર્ગ જ અંતરયાત્રાનો છે, અને એ અનુભવ મૂકી શકાય નહીં અને સાધકે જાતે જ તે માર્ગ કંડારવાનો છે કે યાત્રા કરવાની છે. એટલે એકનો અનુભવ બીજાનો ન પણ હોય, પણ માર્ગદર્શનરૂપ કદાચ બની શકે.

તમારું આત્મ નિરીક્ષણ ચાલ્યું અને જે ખામી હતી તે દેખાઈ, વરતાઈ-અનુભવાઈ અને તેનાથી મૂક્ત થવાનું વ્રત -આ બધું પ્રક્રિયામાં આવે જ ખોટું તો થતું જ હોય છે, પણ જે થયું તે થયું. તમારી આત્મ જાગૃતિ જ તેનો ઉપાય તમે શોધી જ કાઢ્યો છે.

થોડા મુકામો પસાર કર્યા અને મુંબઈ નજીક પુનઃ યાત્રા સંધાન થશે જ આખરે તો જ્યાં છીએ ત્યાંથી જ, ત્યાં રહીને જ થાય તે ભૂમિકા શ્રેષ્ઠ લાગે પણ સઘળે એવા સંજોગો નથી હોતા, એટલે સંજોગ ગોઠવવા જ પડે.

**- રમેશભાઈ સંઘવી, ભુજ-કચ્છ.**

૩. વાંચકને દિવ્યપંથનો યાત્રી બનાવવા અને તેને ચાલતો રાખવા માટે આપે ખુલ્લુ મુકેલ પાત્ર સમાજમાં પ્રેમ, પવિત્રતા અને પ્રસન્નતા રેલાવી રહેલ છે. ભલા કામ માટે નિયતિએ યોગ્ય પાત્ર પસંદ કર્યું.

**- ઈશ્વર પરમાર, દ્વારકા**

૪. જીવન પ્રત્યે કોઈક ચોક્કસ ધ્યેય કે દ્રષ્ટિકોણ નિશ્ચિત હોય તો જ આવું ભગીરથ કાર્ય સફળતાને વરતું હોય છે. આપ ગોરક્ષાપાત્ર છેલ્લા બે વરસથી નિયમીત પ્રગટ કરી રહ્યા છો એ બદલ અભિનંદન, ગોરક્ષાપાત્ર સામાયિકમાં શ્રીમદ રાજચંદ્રજીની વાણી, કિશોરલાલ મશરૂવાળાએ કરેલો અનુવાદ, ગાંધીજીનો સાદ, દુલેરાય માટલિયાજીના પત્રોનો સાર તથા અન્ય કેટલાક સુંદર લેખો વાંચવા મળ્યા એ બદલ આપનો હું આભારી છું.

**- જાધવજી કાનજી વોરા, મુલુંડ.**

## લવાજમ મળેલ છે.

૧. હરીશ પંચાલ - બાંદ્રા ૧૦૦/-

## સહયોગ રાશી

૨. જાધવજી કાનજી વોરા - મુલુંડ ૨૦૦૦/-

ગોરક્ષાપાત્રને બે વરસ પુરા થાય છે. ઘણાએ એક જ વરસનું લવાજમ ભર્યું છે અને ઘણાએ તો એક પણ લવાજમ ભરેલ નથી સહુને વિનંતિ છે કે સમયસર લવાજમ બેંકમાં ભરી SMS ફોનથી જાણ કરવા વિનંતિ છે. અત્રેથી વ્યક્તિગત જાણ કરવા આવતી નથી એ નોંધ લેવા વિનંતિ છે.

**નોંધ: આપનું લવાજમ રમેશ એસ. દોશી, બેંક ઓફ ઈંડીયા, મલાડ, મુંબઈ બ્રાંચ, ખાતા નંબર 003110100021366 માં ભરવા વિનંતી.**

**Bank Code : IFSC BKID 0000031**

---

## ઝાઝું મહેનતાણું

**મજુરી થોડીને મારું**
**ઝાઝું મહેનતાણું**
**નવરા નોકરને આપે**
**ધણી નજરાણું**
**ઘરમાં બેસીને ઘોરું, આવે તે મુખમાં ઓરું**
**પાલી ખરચું ત્યાં માલિક, ભરી દિયે માણું... મજુરી**
**હાંસલની તૃષ્ણા તૂટી, ખોટની ફિકર ખૂટી**
**ગરથે ગિરધારી કેરું, નિરભે છે નાણું... મજુરી**
**નરસીની હુંડી જાણું, મીરાના ઝેર પીછાણું**
**ભૂલું કેમ ચીર આલ્યા, નવસે નવાણું... મજુરી**
**વલોપાત શેના ઠાલાં ? બોલડે બંધાણો, વ્હાલા !**
**નિભાવી તે જાણ્યું, તારા ગુણ શે વખાણું... મજુરી**

**- સાંઈ મકરંદ દવે.**

## એવું જ માગું મોત

**એવું જ માગું મોત,**
**હરિ, હું તો એવું માગું મોત !**
**આ થયું હોત ને તે થયું હોત, ને જો પેલું થયું હોત,**
**અંત સમે એવા ઓરતડાની હોય ન ગોતાગોત !**
**હરિ, હું તો એવું જ માગું મોત !**

**- કરસનદાસ માણેક**

**પડે ન સ્હેજે ખુદને ડાઘો, એમ જગતને અડે,**
**દુર્લભ એ દરવેશ કે જેનાં કાળ સાચવે પગલાં.**

## સબસે ઊંચી પ્રેમ સગાઈ :

R.N.I. No.MAHGUJ / 2002 / 9750

આજે થોડીક સાચુકલા પ્રેમની અને એની અભિવ્યક્તિની સત્યઘટનાઓની વાતો તમારી સાથે વહેંચવી છે. કિસ્સાઓ તો બહુ નાના-નાના છે પણ એમાં જે લાગણીઓ છે તે શબ્દોમાં સંગ્રહ ન કરી શકાય એવા કદની છે. અહીં કોઈ જ ટિપ્પણી વિના એ સત્યઘટનાઓનું નિરૂપણ માત્ર કરવું છે. આ ઘટનાઓમાં જે નામ છે એ કાલ્પનિક છે પણ બાકી બધું હકીકત જ છે.

❖ રમણિકભાઈએ આવીને સોફામાં બેસતાની સાથે જ સમાચાર જોવા માટે ટેલિવિઝન ઑન કર્યું. અગ્નિશામન દળના એક ઑફિસરનો ઈન્ટરવ્યૂ ચાલી રહ્યો હતો. આ એ ઑફિસર હતો જેણે ગઈકાલે બહુમાળી ઈમારતમાં લાગેલી આગમાંથી પોતાના જીવના જોખમે બે બાળકો અને ત્રણ મહિલાઓની જાન બચાવી હતી. રમણીકભાઈને આ યુવાન માટે ખરેખર માન થઈ રહ્યું હતું. તેઓ ધ્યાનપૂર્વક ઈન્ટરવ્યૂ જોઈ રહ્યા હતા. તમે આવું ઉમદા કામ કરી શક્યા એનું શ્રેય તમે કોને આપો છો? આ પ્રશ્નના જવાબમાં તે યુવાને કહ્યું કે હું જ્યારે સ્કૂલમાં હતો ત્યારે બહુ જ તોફાની હતો અને ભણવામાં બિલકુલ ધ્યાન નહોતો આપતો. બધા જ શિક્ષકોએ હાથ ધોઈ નાખ્યા હતા કે મારું કશું જ ભવિષ્ય નથી અને હું જીવનમાં કશું ઉકાળવાનો નથી, પરંતુ એક શિક્ષક હતા જેમને મારામાં શ્રદ્ધા હતી. ચિત્રકામ શીખવતા મારા તે શિક્ષકે એક દિવસ મને સુપરમેનનું ચિત્ર દોરીને આપ્યું હતું અને નીચે લખ્યું હતું કે સુપરહીરો ક્યારેય પ્રયત્નોને અધવચ્ચે મૂકી નથી દેતા અને અંતમાં વિજય હંમેશા તેમનો જ થાય છે. મારા એ શિક્ષકનું નામ રમણીકભાઈ શાહ હતું. હું ફક્ત આ ઘટના માટે જ નહીં મારા આખા જીવનને નવો વળાંક આપવાનું શ્રેય મારા શિક્ષક રમણિકભાઈને આપું છું. આગળનું કશુંય રમણિકભાઈ જોઈ ન શક્યા કારણ કે તેમની આંખો છલકાઈ ગઈ હતી.

❖ કિશોરભાઈને તેમના પગના તળિયે ભીનાશનો અનુભવ થયો અને તેઓ ઊંઘમાંથી જાગી ગયા. સૂતા-સૂતા જ તેમણે નજર કરી. મિની તેમના પગને ચાટી રહી હતી અને મ્યાઉં-મ્યાઉં કરી રહી હતી. કિશોરભાઈએ ભીંત પરની ઘડિયાળ પર નજર કરી. રાતના સવા ત્રણ વાગ્યા હતા. આમ તો કિશોરભાઈને કૂતરાં-બિલાડાં પાળવાનો બિલકુલ શોખ નહોતો, પણ બે મહિના અગાઉ તેમના મોટા ભાઈનું મૃત્યુ થયું હતું. તેમના ઘરમાં પ્રાણીઓની આખી ફોજ રહેતી હતી. પ્રાણી-પ્રેમી રોહિતભાઈ એ જ કારણસર આજીવન કુંવારા રહ્યા હતા. તેમના મૃત્યુ બાદ બધા પ્રાણીઓની જુદી-જુદી જગ્યાએ વ્યવસ્થા કરી હતી પણ આ નાનકડી મિની નામની બિલાડીએ કિશોરભાઈની પત્ની રમાબેનનું મન મોહી લીધું હતું.

રમાબેનની ઈચ્છાને માન આપીને કિશોરભાઈ મિનીને પોતાના ઘરે લઈ આવ્યા હતા. બંને દીકરીઓનાં લગ્ન થયા બાદ કિશોરભાઈ અને રમાબેન એકલા પડી ગયા હતા. મિનીની તેમને હૂંફ રહેતી હતી, ખાસ કરીને રમાબેનને. પરંતુ રમાબેન વૈષ્ણવબહેનોના ગ્રુપ સાથે દિલ્હી-ગોકુળ-મથુરા-વૃંદાવનની યાત્રાએ ગયા હતા. ત્યારે રમાબેનની ગેરહાજરીમાં મિનીની જવાબદારી તેમને નિભાવવી પડતી હતી. મિની કિશોરભાઈના પગમાં અટવાતી રહેતી. ક્યારેક કિશોરભાઈના ખોળામાં પણ ચડી બેસતી. આ બધું તો કિશોરભાઈએ સ્વીકારી લીધું હતું પણ રાતના સવા ત્રણ વાગ્યે આ રીતે ચાટવાનું! કિશોરભાઈને ગુસ્સો આવ્યો. તેઓ ઊભા થવા ગયા પણ કોણ જાણે કેમ તેમનાથી ઊભા થવાયું જ નહીં. ખૂબ જ નબળાઈ લાગતી હતી. બાજુમાં જ મૂકેલા શુગર માપવાના મશીન વડે તેમણે શુગર લેવલ ચેક કર્યું. મશીન જે આંકડો દેખાડી રહ્યું હતું એ જોઈને કિશોરભાઈ ચોંકી ગયા. ડૉક્ટરે કહ્યું હતું કે શુગર લેવલ ૭૦ થી ૧૨૦ વચ્ચે હોવું જોઈએ. પરંતુ અત્યારે મશીનમાં આંકડો હતો ૫૩. કિશોરભાઈએ તરત જ તેમના ડૉક્ટર મિત્રને ફોન કર્યો. તેમણે આવીને કિશોરભાઈને હૉસ્પિટલમાં દાખલ કર્યા. હૉસ્પિટલમાં ડૉક્ટરે કહ્યું કે જો તમારી ઊંઘ સમયસર ઊડી ન હોત તો શક્ય છે કે ઊંઘમાં જ તમારા રામ રમી ગયા હોત.

**- ગીતા માણેક, સૌ. સંદેશ.**

**Post Registration No. MNW/277/2015-17**
"Licence to Post Without Pre Payment"
WPP-Lic. No. MR/Tech/WPP-330/NW/2017
RNI No. MAHGUJ/2002/9750
Posted at Liberty Garden, P.O.
on 5th or 6th of everv month.
**ગોરક્ષા પાત્ર વતી માલિક, મુદ્રક, પ્રકાશક અને સંપાદક**
**રમેશ એસ. દોશી (નિમિત માત્ર)**
**બી/૬૦૧, નંદનવન કો.ઓ.હા.સો.લિ.**
**નરસિંગ લેન, ડી.એસ. નગર, મલાડ (પશ્ચિમ),**
**મુંબઈ- ૬૪. મો.નં.: ૭૫૦૬૭૫૦૨૫૧, ૯૪૨૭૬૬૩૪૭૩**
Email: doshir65@gmail.com **થી પ્રકાશિત કર્યુ.**
**મુદ્રણ સ્થળ : ગોગરી ઓફસેટ, વાગરી પાડા, એ.કે. રોડ,**
**અંધેરી (ઈ), મુંબઈ - ૪૦૦ ૦૬૯.**
**પ્રેરક : સત્પુરૂષોની પ્રેરણા અને આશીષ.**



**ગોરક્ષા પાત્ર**
**गाय बैल बचेंगे**
**देश बचेगा**

To,